Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૬ • તા. ૦૭ સપ્ટેમ્બર થી ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

Congratulations



"LIFETIME ACHIEVEMENT AWARD"
Being presented to LATE SHRI MANIKANT MOMAYA
by TCEI (Telangana Chambers of Event Industry)



"PROFESSIONAL EXCELLENCE IN CATERING"
Being presented to HEMANG & GAURAV MOMAYA
by TCEI (Telangana Chambers of Event Industry)

"THE LEGACY OF MANIKANT MOMAYA CONTINUES "

*Hearty Congratulations to Hemang Momaya and Gaurav Momaya, our blessings and best wishes are always with you.*

- D.A. SHAH PARIVAR BANGALORE -

વતન કચ્છનાં

# ૧૮ ગામમાં ૧૮ અભિષેક સાથે રજત જયંતી ઉજવણીનું મંગલાચરણ

**ભાદરવા સુદ ૬ • શનિવાર, તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૫ • બપોરે વિજયમુહૂર્તે**

મંગળ આશીર્વાદ: અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ
સાહિત્ય દિવાકર પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ
નિશ્રાદાતા: ચાર્તુમાસિક બિરાજમાન સાધુ-સાધ્વીજી ભગવંતો

CELEBRATING 25 Years

સહયોગી દાતા
**સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર**
(કોઠારા-મુલુંડ)

### ૧૮ અભિષેકનાં ગામ

સુથરી • નલિયા • જખૌ • સાંધાણ
આરીખાણા • રાપર ગઢવારી
મોટી સિંધોડી • વાંકુ • વારાપધર • પરજાઉ
લાલા • જસાપર • સુજાપર • બાંઢિયા
સાંયરા • ડુમરા • બાયઠ • માંડવી

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઇ**
૨૦૧, મેરેથોન મેક્સિમા, એલ. બી. એસ. માર્ગ,
મુલુંડ (વેસ્ટ), મુંબઇ - ૮૦ • સંપર્ક: ૦૨૨ - ૬૬ ૮૦૦ ૮૦૦

સૌ જ્ઞાતિજનોને સપરિવાર ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ

## હાર્દિક અભિનંદન



**ચિ. હિનલ ચંદ્રકાંત મુનવર**
(ગામ : કોઠારા - હાલ : ભુજ)

**ચિ. હિનલએ** M.A.BAD માં **80%** ગુણાંક સાથે ઉતીર્ણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

આ સિધ્ધિ બદલ તેને અંતરભીના અભિનંદન ! જીવનના દરેક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે સેવા અંતરના શુભાશિષ...

-: શુભેચ્છક :-

દાદી-દાદા : **માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર** (કોઠારા-કચ્છ)
નાની-નાના : **માતુશ્રી ખેતબાઈ મણીકાંત લાલકા** (નલીયા-કચ્છ)
મમ્મી-પપ્પા : **સૌ. રેવંતી ચંદ્રકાંત મુનવર** (વર્ધમાનનગર-કચ્છ)
કાકી-કાકા : **સૌ. પ્રેમીલા હરીશ મુનવર** (અમદાવાદ)
કાકી-કાકા : **સૌ. જયા પ્રબોધ મુનવર** (વર્ધમાનનગર-કચ્છ)
મો. 98798 17685

## હાર્દિક અભિનંદન



**રિધ્ધિ નિતા ભરત વનરાજ લોડાયા**
(ગામ : રંગપુર, જામનગર - હાલ : ઘાટકોપર)

**રિધ્ધિએ** C.A. Final Exam માં **52.50%** ગુણાંક સાથે ઉતીર્ણ થઈ અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

આ અવ્વલ સિધ્ધિ બદલ તેને અંતરભીના અભિનંદન... જીવનના દરેક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરે એવા અંતરના શુભાશિષ સહ શુભેચ્છાઓ....

-: શુભેચ્છક :-

દાદી-દાદા : **માતુશ્રી મણીબેન વનરાજ પુનશી લોડાયા** (રંગપુર)
નાની-નાના : **માતુશ્રી જયાબેન ખુશાલચંદ લધાભાઈ ધરમશી** (સુથરી)
મમ્મી-પપ્પા : **અ.સૌ. નિતા ભરત વનરાજ લોડાયા** (રંગપુર)

સરનામું : બી-૪૦૨, કૃષ્ણા કુંજ, ૧૪૦ વલ્લભભાઈ લેન,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 36/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## માત્ર નવકાર મંત્રનો સર્વાંગી ભાવાર્થ સમજાઈ જાય તો પણ પર્યુષણ જીવનને નવી દિશા આપનાર બની જાય

જૈનો માટે પર્યુષણ પર્વ એ સઘન ધર્મ આરાધના કરવાનો સમય છે. અલબત્ત સમયના અભાવથી માંડીને સમજના અભાવ સુધીના અનેક કાયણોસર મોટા ભાગના જૈનો આ સઘન ધર્મ આરાધનાના સમયગાળાથી અળગા રહે છે. તેથી આ આઠ દિવસ તો ધર્મ આરાધના કરવીજ જોઈએ એવા ઉપદેશથી કાંઈ ફાયદો નથી. દરેક જીવ પોતાનો રોજંદો ક્રમ ચાલુ રાખી કરી શકે તેવી ધર્મ આરાધનાની વાત કરીએ.

દરેક ધર્મ પાસે તેના સાર સમાન કેટલા મંત્રો હોય છે, તેમ જૈનો પાસે નવકારમંત્ર છે. વધુ કાંઈ ધર્મ આવડતો ન હોય તેવા જૈનોને પણ નવકાર મંત્ર તો આવડતો જ હોય છે. તેથી તેને પાયો બનાવીને વાત કરીએ.

નવકાર એ અર્ધમાગધી ભાષાનો શબ્દ છે ? તેને માટે આપણી પરિચિત ભાષાનો શબ્દ છે : નમસ્કાર. જૈન ધર્મના સારરૂપ મંત્રમાં નમવાની વાત સામાન્ય અર્થમાં આપણે લઈએ છીએ એ રીતે નથી લેવાઈ પણ વિશેષ રીતે લેવાઈ છે. આ વિશેષ રીતે જો સમજાઈ જાય તો નાના મંત્રમાં વર્તમાન જીવન જ નહીં ભાવિ ભવોભવને બદલવાની તાકાત છે.

અહીં સૌથી પહેલી વાત એ ધ્યાનમાં રાખવાની છે કે નમન કરવાની વાત આપણા વ્યક્તિત્વમાંથી અહંકારને તિલાંજલિ આપવા માટે કરવામાં આવી છે.

અહંકારના ગેરફાયદા વિશે તો પુસ્તકોના પુસ્તકો લખી શકાય પણ આધુનિક મનોવિજ્ઞાનના સંદર્ભમાં તેને સમજીએ તો વ્યવહારુ જીવનમાં ય કામ આવી શકે તેવી સમજ કેળવી શકાય : દરેક જીવ પાસે હોય તેવી પહેલી વાત છે જીજીવિષા એટલે કે જીવનને માત્ર સાનુકૂળ સંજોગોમાં જ નહીં પ્રતિકૂળ સ્થિતિમાં ય ટકાવવા, વિસ્તારવા અને દેહનો પણ અંત થઈ જાય તે પછીય કોઈક રીતે અસ્તિત્વ ધરાવવાની ઇચ્છા !

તેથી દરેક જીવ પોતાની જીજીવિષા પ્રમાણે માત્ર સાનુકૂળ સંજોગોમાં જ નહીં, પ્રતિકૂળ સંજોગોમાં પણ ટકી રહેવાય તેવી સક્ષ્તા કેળવવામાં રચ્યો-પચ્યો રહે છે. તે માટે તે મહેનત કરવાથી માંડીને કાવા દાવા તથા પોતાના માટે જ નહીં, પોતાના અતિ દૂરના ભાવિના સંતાનો માટે પરિગ્રહ-સંગ્રહ કરવાનું કામ કરે છે. દેહાંત પછી ય પોતાની યાદ રહે તેવું કંઈક નિર્માણ કરાવવા પ્રયત્ન કરે છે.

આ સક્ષ્તા જેટલા પ્રમાણમાં કેળવાય તેટલા પ્રમાણમાં તેની પાસે બે વાત આવે છે. તેમાં એક છે આત્મવિશ્વાસ અને બીજી છે અહંકાર. આત્મવિશ્વાસ અને અહંકાર બન્નોના મૂળ તપાસીએ તો એક સમાન વસ્તુ જોવા મળે છે કે જીવે સાનુકૂળ જ નહી, પ્રતિકૂળ સ્થિતિમાં જ ટકવાની સક્ષ્તા કેવળી લીધી છે, તેનો આ લલકાર છે... કુદરતને લલકાર છે.

આત્મવિશ્વાસ જે બાબતની હકારાત્મક અભિવ્યક્તિ છે તેવીજ નકારાત્મક અભિવ્યક્તિ છે અહંકાર, આત્મવિશ્વાસ કેળવાય તો જીવ આધાત્મિક રીતે - આત્મિક રીતે સમૃદ્ધ થવા માટેનું વલણ કેળવે છે. જ્યારે અહંકાર કેળવાય તો તે ભૌતિક રીતે પોતાનું વર્ચસ્વ વધારવા માટે પ્રયત્ન કરે છે.

નમન, ખાસ કરીને ગુણોને નમન એ આત્મવિશ્વાસ કેળવી આત્મિક રીતે સમૃદ્ધ થવાનું વલણ કેળવનારું છે સાથે સાથે તે અહંકારનો નાશ કરનારું છે. અલબત્ત અહીં માત્ર શારીરિક નમન નહીં પણ મન-વચન-કાયાથી નમન અભિપ્રેત છે.

હવે જ્યારે ગુણોને નમન કરવાની વાત આવે ત્યારે સહજ રીતે સૌથી વધુ ગુણ કેળવનારને પ્રથમ નમસ્કાર થાય પણ તેની સમજ મેળવવી હોય તો તેથી બરાબર ઉલ્ટું ઓછામાં ઓછાથી વધારેમાં વધારે ગુણ તરફ જવાનું સરળ પડે.

નીચલી પાયરીથી શરૂ કરીએ તો નવકાર મંત્રમાં જેમણે સારું જીવન જીવનનો સંકલ્પ કર્યો છે... જે સાધુ છે પછી ભલે ગમે તે ધર્મ કે પંથના હોય તેમને નમસ્કાર કરવાની વાત છે. આ એટલા માટે છે કે આ નમસ્કાર કરવાથી વિકલ્પોમાં અટવાયેલા રહેવાને બદલે સંકલ્પની શક્તિ કેળવવાની

તાકાત મળશે.

એ પછી જેમણે માત્ર સારું જીવન જીવવાનો સંકલ્પ જ નથી કર્યો તે માટેની સજ્જતા કેળવવા અધ્યયન શરૂ કર્યું છે, એવા ઉપાધ્યાયોને નમસ્કાર કરવાના છે. જેનાથી આપણને સારા સંકલ્પ પછી તેની સજ્જતા કેળવવાની પધ્ધતિ જાણવાની ઈચ્છા થાય.

એ પછી સારો સંકલ્પ લઈ અને પુરી સજ્જતા કેળવી જેમણે વિચારણા અને આચરણમાં કોઈ ફરક રહેવા દીધો નથી, એમને નમસ્કાર કરવાની વાત છે. જેથી આપણા વ્યક્તિત્વમાંથી ય એ વિરોધાભાસ દૂર થાય.

એ પછી સારો સંકલ્પ લઈ, તેને માટે પુરી સજ્જતા કેળવી, વિચારણા, આચરણનો વિરોધાભાસ દૂર કરી કર્મરહીત સ્થિતિમાં પહોંચેલાને નમસ્કાર કરવાની વાત છે જે આપણને યાદ અપાવે કે સંકલ્પ કરીને અટકવાનું નથી, સજ્જતા કેળવીને અટકવાનું નથી, વિચાર-આચારણમાંના વિરોધાભાસ દૂર કરીને અટકવાનું નથી કર્મ નિશેષ થઈ જ્યાનું છે. તે પહેલાંની સ્થિતિ તો ઉપર ચઢવાના પગથીયા હતા, અહીં મંજીલ છે.

જોકે નમસ્કાર મંત્ર અહીં ગુણોની પરાકાષ્ટાએ પહોંચે છે પણ ત્યાં અટકતો નથી. તે કહે છે કે કર્મ નિશેષ થવાને માટે પહોંચીને પણ કોઈ અન્યોના કર્મ નિશેષ થાય તેવો બોધ આપવા જેટલા જ કર્મો કરે તો તે પ્રથમ નમસ્કારને અધિકારી છે.

જે નામ માત્રના જૈન છે, તે સુધ્ધાં જાણે છે એ નવકાર મંત્રમાં પણ ગાગરમાં સાગર છે એટલે પર્યુષણમાં બીજું કાંઈ ન કરીએ તો પણ આત્મિક શક્તિ મેળવવા અને કુદરત સાથે ટકરાઈ જવાય એવા અહંકારથી દૂર રહેવાની સમજ તો કેળવીએ. તે માટે નવકારને સમજને આધાર બનાવીએ.

આ કામ માટે આપણે અને આપણું મસ્તિક જ કાફી છે બાકી વધારે કાંઈ ધર્મઆરાધના કરવું હોય તો... થાય તો ભલે કરીએ. કમ સે કમ નવકાર મંત્ર જે સહજ સુલભ રીતે દરેક જૈનને મળેલ છે તેને સર્વાંગપણ ભાવથી આત્મસાત કરીએ પર્યુષણ આપોઆપ સાર્થક થઈ જશે.

**- ચંદ્રસેન મોમાયા**


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at per at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at per મુંબઈ હોવો જોઈએ.


## શ્રી સચ્ચાઈ માં ભાવિક મંડળ

આપણા કુળદેવી શ્રી સચ્ચાઈમાતાજીની અસીમ કૃપાથી નલીયા, લોડાયા ફળિયા સ્થિત શ્રી સચ્ચાઈ માતાજી ને નમતા ભાવિકોની સમૂહ પહેડી **તા. ૬-૧૨-૨૦૧૫** ના રોજ મુલુંડ, મુંબઈ ખાતે યોજેલ છે.

આ મંગળ પ્રસંગે માતાજીના ગુણગાન ગાવા તથા એમની કૃપા આપણા પરિવાર પર સદાય વરસતી રહે માટે આપ સૌ પરિવારના સભ્યો સમયસર પધારી પ્રસંગ દિપાવશો એવી નમ્ર વિનંતી. પરિવારની તમામ નિયાણી બહેનોને પણ સહકુટુંબ પધારવા નેહ નિતરતું નોતરું છે.

**શુભ દિવસ** : ૬-૧૨-૨૦૧૫ (કારતક વદ દસમ)
**શુભ સ્થળ** : ગૌપુરમ હોલ, પુરૂષોત્તમ ખેરાજ માર્ગ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**શુભ કાર્યક્રમ** : સાંજના ૫ થી ૯ વાગ્યા સુધી

❖ ચૌવિહારની વ્યવસ્થા કરવામાં આવી છે.
❖ કાળા કપડાં, ચામડાનો બેલ્ટ, પર્સ વિગેરે વર્જ્ય છે.

**સંપર્ક :** લિ. **સચ્ચાઈ માં ભાવિક મંડળ કમિટિ**

**જ્યોત્સનાબેન લોડાયા** (ભૂઈમા) - 98444 06425
**મયુર દામજી લોડાયા** (પ્રમુખ) - 93233 74330
**મનોજ વેલજી લોડાયા** (ખજાનચી) - 98674 65591
**કિરણ હંસરાજ લોડાયા** (માનદ્ મંત્રી) - 98209 17062
**નિરેન મુલચંદ લોડાયા** (સભ્ય) - 98695 12856

શ્રી અનંતનાથાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૯. • ઈમેલઃ anantnathderasar@gmail.com

**અનેરો અવસર, જ્ઞાતિ ધર્મમાં થાય તરબતર, અને મળીએ એકમેકને સ્નેહસભર !**

## સમૂહ સાંજી–સામુહિક ક્ષમાપના–તપસ્વી બહુમાન

**અઠ્ઠાઈ અને તેથી વધુ તપ કરનારા જ્ઞાતિજનોનું અભિવાદન,**
**લકી ડ્રો થકી ત્રણ તપસ્વીઓને સમ્મેતશિખરજીની યાત્રા કરવાનો મહામૂલો લહાવો**

**સમગ્ર જ્ઞાતિને પર્યુષણ પછી સાંવત્સરિક સામુહિક ક્ષમાપના**

વ્યક્તિગત ધોરણે સાંજી અને ક્ષમાપના કરી ઓછા જ્ઞાતિજનોને ઝાઝો સમય,
ઝાઝી શક્તિ ખર્ચીને મળવાને બદલે ઓછા સમયમાં, એક જ સ્થળે સૌને મળવાનો અનોખો અવસર !

**સાંજીનાં સ્તવનો : નામાંકિત કલાકારો સાથે**

મુંબઈ મહાજનશ્રીનું આયોજન ❖ સહુને સુગમ પડતું મધ્યવર્તી સ્થળ
❖ પવિત્ર વાતાવરણ, પાવન અવસર ❖ નાત જમણ (સવારે ૧૦.૩૦ થી ૧)

પાવન નિશ્રા : **પરમ પૂજ્ય સાધ્વીજી-ભગવંતો અને પ.પૂ. યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**

**દિવસ :** રવિવાર, ૪ ઓક્ટોબર ૨૦૧૫ ● **સમય :** સવારે ૦૮.૦૦ થી ૦૧.૦૦

**સ્થળ :** શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, ૧લા માળે, ભાંડુપ (વેસ્ટ).

પર્યુષણ દરમિયાન અઠ્ઠાઈ કે વધુ તપ કરનારાઓને **૨૫ સપ્ટેમ્બર ૨૦૧૫** સુધીમાં પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે મહાજનના કાર્યાલયમાં નામ મોકલી આપવા વિનંતી.

વધુ માહિતી માટે સંપર્ક : **મુંબઈ મહાજનના કાર્યાલય** - ફોન : ૨૩૪૪ ૮૨૭૪ / ૯૮૯૨૭ ૪૧૪૧૪

ધાર્મિક સમિતિ કન્વીનર : **હિરેન નવિનચંદ્ર લાપસીયા** (૯૮૧૯૪ ૧૦૩૯૯)

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૯. • ઈમેલઃ anantnathderasar@gmail.com

## અગામી કાર્યક્રમની રૂપરેખા

| તારીખ | વિગત | સ્થળ | |
|---|---|---|---|
| ૧૧/૯/૨૦૧૫થી | પર્યુષણ પર્વ આરાધના | મસ્જિદ બંદર - ભાંડુપ - ઘાટકોપર | |
| ૧૪/૯/૨૦૧૫ | પોથી (કલ્પસૂત્ર) વરઘોડો | મસ્જિદ બંદર | - બપોરે ૨.૦૦ કલાકે |
| | | ભાંડુપ | - સવારે ૯.૦૦ કલાકે |
| ૧૫/૯/૨૦૧૫ | ૧૪ સ્વપ્ન ઘૃત ઉછામણી | ભાંડુપ/ ઘાટકોપર | - સવારે ૮.૩૦ કલાકે |
| | | મસ્જિદ બંદર | - બપોરે ૨.૩૦ કલાકે |
| ૧૮/૯/૨૦૧૫ | બારસા સૂત્ર વાંચન | ત્રણે જગ્યાએ | - સવારના |
| ૨૫/૯/૨૦૧૫થી ૨૮/૯/૨૦૧૫ | ચૈત્યપરિપાટી | સિધ્ધાચલ યાત્રા | |
| ૪/૧૦/૨૦૧૫ | સમૂહ સાંજી/સાંવત્સરિક ક્ષમાપના | ભાંડુપ - શેઠશ્રી નરશીનાથા સભાગૃહ | |
| ૬/૧૦/૨૦૧૫ | નાટક : હલે ત ગડો, નકાં ભર લડો ! | ડોંબીવલી સાવિત્રીબાઈ ફુલે નાટ્યગૃહ | |
| ૨૫/૧૦/૨૦૧૫ | સગપણ સેતુ | મુંબઈ | |
| ૩૦/૧૦/૨૦૧૫થી ૨/૧૧/૨૦૧૫ | શંત્રુજય તપ આરાધકો માટે મસ્જિદ બંદર તથા ભાંડુપ | સિધ્ધાચલ યાત્રા | |
| ૨૦/૧૨/૨૦૧૫ | સમુહ લગ્ન | મુંબઈ | |



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

પ્રશ્ન-જિનેશ્વરનીપૂજા કોણે કરવી જોઈએ ?

ઉત્તર-શ્રાવકનું મહત્વપૂર્ણ કર્તવ્ય છે જિનપૂજા એટલે પ્રત્યેક શ્રાવક શ્રાવિકાએ દરરોજ પૂજા કરવી જોઈએ.

પ્રશ્ન-જિનેશ્વરનીજ પૂજા શા માટે ?

ઉત્તર-જિનેશ્વર વિતરાગ કહેવાય છે.તે રાગ અને દ્વેષ રહિત છે. રાગના પ્રતિક સ્વરૂપ સ્ત્રી એમની પાસે ન હોય .....દ્વેષના પ્રતિક સ્વરૂપ શસ્ત્ર એમની પાસે ન હોય. જ્યાં રાગ દ્વેષ નથી ત્યાં પરમ સમતા છે....પરમશાંતિ અને સમાધિ છે.જે સમતા શાંતિ અને સમાધિના સ્વામી છે. એજ આપણને પરમ વીતરાગતા દ્વારા આ વસ્તુઓ આપી શકે છે. માટે જ તે પૂજનીય છે.

**પ્રશ્ન-જિનેશ્વર પરમાત્માની પૂજા સાધુ-સાધ્વીજી ભગવંત કેમ ન કરે ?**

ઉત્તર-પૂ.સાધુ-સાધ્વીજી ભગવંત દ્રવ્યના ત્યાગી હોવાથી એમની પાસે દ્રવ્ય ન હોય તેમજ તે સચિત્તને સ્પર્શ ન કરવાના નિયમવાળા હોવાથી તેઓ દ્રવ્ય પૂજા ન કરે, પરંતુ તેઓ ભાવપૂજા નિત્ય કરે જ છે. દ્રવ્ય પૂજા સાધન છે ભાવપૂજા સાધ્ય છે. સ્વયં માટે જીવ જ્યાં સુધી દ્રવ્ય વાપરે છે ત્યાં સુધી પ્રભુજીની દ્રવ્ય પૂજા કરવાની છે. જે દિવસે પોતાના માટે દ્રવ્યનો ત્યાગ કરે છે તે દિવસથી એ દ્રવ્ય પૂજા ત્યાગી ભાવપૂજાનોઅધિકારી બને છે.

**પ્રશ્ન- શ્રાવકથી દેવ-દેવીની પૂજા થઈ શકે ?**

ઉત્તર-જિનાલયમાં બિરાજમાન દેવ-દેવી પ્રાયઃ ચોવિસ તીર્થંકરના શાસનના અધિષ્ઠાયક દેવ-દેવી જ હોય છે. આ દેવ-દેવી સમકિત ધારી જ હોય છે. તેથી પોતાના સાધર્મિકની જેમ સંઘ પૂજનમાં કરીએ તેમ એમના લલાટે અંગુઠાથી તિલક કરીને પૂજા કરવામાં કોઈ બાધ આવતો જણાતો નથી.

**પ્રશ્ન-જિનાલયમાં બિરાજમાન દેવ-દેવી તુષ્ટ થઈને આપણને પૂજા કરવાથી સહાયક બને ખરા ?**

ઉત્તર-જિનાલયમાં બિરાજમાન દેવ-દેવીની પૂજા

## અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

પર્યુષણ પર્વ નજીક આવી રહ્યા છે. પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો, જય જજિનેન્દ્ર! તો ચાલો આપણે સૌ ગામવાસી સાથે મળી માદરે વતન દલતુંગીમાં રૂડા પર્યુષણની ધામધુમથી ઉજવણી કરીએ.

દલતુંગી ખાતે શ્રી અજિતનાથ દાદાના દેરાસરજીમાં

- રંગરોગાનનું કામ પૂર્ણ થયેલ છે. ઉપાશ્રયમાં, ગુરૂમંદિરમાં તથા બંને રૂમોમાં પણ રંગરોગાન કરી નવો ઓપ આપવામાં આવેલ છે.
- દેરાસરજીના પુરા પરિસરમાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવામાં આવેલ છે.
- દેરાસરજીમાં ઉપાશ્રયમાં, મેન ગેટ ઉપર, ગુરૂમંદિરમાં તથા બંને રૂમોમાં નવે સરથી કન્સીલ્ડ વાયરીંગ કરવામાં આવેલ છે. રાત્રે ખરેખર તેનો જોવા લાયક નજારો હોય છે.
- દેરાસરજીને વરસાદની સીઝનમાં વિજળી પડે તો નુકશાન ન થાય એ માટે અર્થીંગનું કામ કરવામાં આવેલ છે. જેથી આવી કોઈ દુર્ઘટના બને તો આપણા આ ઐતિહાસિક દેરાસરજીને નુકશાન ન થાય.
- આ સિવાય દેરાસરજીના પરિસરમાં ગ્રિલનું કામ પણ ચોકસાઈ પૂર્વક કરવામાં આવેલ છે જેથી વૃધ્ધ માતા-પિતાને દર્શન વંદનમાં સુગમતા રહે.
- ઉપાશ્રયમાં પણ બધી જ , ફ્રેમો ને નવેસરથી સજાવી લગાડવામાં આવેલ છે.

**આ સર્વે કામ આપ સર્વેના સાથ-સહકારથી થયેલ છે. મહાજનવાડી ટુંક સમયમાં વધુ સારા સમાચાર બાબત જાણવા મળશે.**

**ખાસ નોંધ**- સર્વ સાધારણ ખાતામાં જરૂરીયાત હોય સર્વેને નમ્ર વિનંતી રૂ.૩૦૦૦/- ભરી લાભ લેશોજી. અત્યાર સુધી ૩૮ નામ આવેલ છે. જેમનું બોર્ડ બનાવી દેરાસરજીના પરિસરમાં લગાવેલ છે. ભાગ્યશાળીઓને હજી વધુ લાભ લેવા વિનંતિ.

તો ચાલો માદરે વતન પધારી રૂડા પર્યુષણની ઉજવણી ને યાદગાર બનાવીએ.

ટ્રસ્ટવતી પ્રવીણ જેઠાલાલ લાપસીયા (09821092767) પ્રમુખ તથા સર્વે ટ્રસ્ટીગણના જય જજિનેન્દ્ર

સાધર્મિક બનીને સહાયની અપેક્ષાથી નહીં પરંતુ ધર્મ માર્ગમાંપ્રેરકબળ પુરૂંપાડનારસાધર્મિકની અપેક્ષાથી કરવાની છે.

**પ્રશ્ન-દેરાસરને શણગારવું જોઈએ કે નહિ?**

ઉત્તર-પર્વ દિવસોમાં જન સમુદાયના ઉત્સાહમાં વૃધ્ધિ થાય, વધુને વધુ જીવો પ્રભુ દર્શનનો-પૂજાનો લાભ લે અને એની અનુમોદનાથી વધુ પુણ્ય ઉપાર્જન કર. સમ્યગ્દર્શન ન હોય તો પ્રાપ્ત કરે અને હોય તો વધુ નિર્મળ કરે છે. પર્વ દિવસોમાં સંસારી જીવો પોતાના ઘરને અને દેહને પણ શણગારતા હોય તો જિનમંદિરને પણ અવશ્ય શણગારવું જોઈએ. પરંતુ જિનમંદિરને શણગારવામાં યોગ્ય વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ તથા ધર્મસ્થાનની મર્યાદા જાળવવી જોઈએ. વિધિપૂર્વકના શણગારમાં કોઈ વિરોધ ન સંભવી શકે.

**પ્રશ્ન-દેરાસરમાં પ્રભુજીની ફળપૂજામાં સીતાફળ કે જામફળ વાપરી શકાય કે નહિ?**

ઉત્તર-દેરાસરમાં પ્રભુજીની ફળપૂજામાં સીતાફળ કે જામફળ વાપરવામાં કોઈ બાધ આવતો નથી. પાર્શ્વનાથના થાળમાં બન્ને ફળોના ઉપયોગની વાત જણાવવામાં આવી છે.જે નીચે પ્રમાણે છે- સમતા સીતાફળનો રસ પીજ્યો બહુ રાજીયા, જુક્તિ જામફળ પ્યારા આરોગોનેપાસ....વામા દે બોલાવે બન્ને અભક્ષ્ય નથી.ઉપયોગ પૂર્વક વાપરવા જોઈએ.

**પ્રશ્ન-પચ્ચક્ખાણ લીધા વગર ઉપવાસ કરીએ તો લાભ ન મળે?**

ઉત્તર-પચ્ચક્ખાણ એ રસનેન્દ્રિયને લગાડાતું તાળું છે. જો ઘરને તાળું લગાડેલું ન હોય તો ચોરી થવાની શક્યતા નકારી શકાતી નથી. તેવી જ રીતે પચ્ચક્ખાણ ન લેવાથી મન ગમે ત્યારે નબળું પડીને આપણને ખાવા બેસાડી શકે છે. મનની સ્થિરતા ન હોવાથી લાભ નહિંવત મળે છે. મન સતત દ્વિધામાં હોવાથી અને શાંત રહીને આરાધનામાં સહાયક બને છે. જેથી વિશેષ લાભ પ્રાપ્ત થાય છે. નાના બાળકો માટે કે પ્રથમવાર આરાધના કે ઉપવાસ કરનારે પણ બપોર સુધી રાહ જોઈને યથાયોગ્ય પચ્ચક્ખાણ કરવું અતિ આવશ્યક બને છે.

**પ્રશ્ન-સ્વાસ્થયના કારણે જો સાંજે ચોવિહાર ન થઈ શકે તિવિહાર કે દુવિહાર કરીએ તો ચાલે?**

ઉત્તર-શાસ્ત્રીય મર્યાદા ચોવિહાર કરવાની જ છે. આ ચોવિહાર પણ સૂર્યાસ્તથી અડતાલીસ મિનિટ પહેલા કહેલો છે. શાસ્ત્રોમાં તિવિહાર કે દુવિહારના પચ્ચક્ખાણ નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના પરિવર્તન સાથે પછીના આચાર્ય ભગવંતોએ આ ફેરફાર કરી છૂટ આપી છે. તેથી આ વિધિ નથી પરંતુ અપવાદ માર્ગથી તિવિહાર આદિ કરી શકાય. પરંતુ જો તપ કરવું હોય (એકાસણું-આયંબિલ કે ઉપવાસ) તો આગલા દિવસે તથા તપના દિવસે ચોવિહાર અનિવાર્ય છે.


આવ્યા રૂડા પર્યુષણ પર્વ....
જૈન હોવાનો અનુભવો ગર્વ....

પર્યુષણના ૮ દિવસ... દરરોજ...
અલગ-અલગ 'કાંચી'ની સાડી
તો હોવી જ જોઈએ ને ??...

પર્યુષણ પર્વ માટે
સ્પેશ્યલ કોટન બેઝમાં
પરવડે તેવી રેન્જ

- ગઢવાલ
- સુપરનેટ કોટા
- ફેન્સી કોટા
- ચંદેરી ટેમ્પલ
- કોરા કોટન
- ટીસ્યુ કોટા
- જૈન સીલ્ક
- પ્રીન્ટેડ જયોર્જેટ



"કાંચી" ની સાડી વાહ...વાહ !!

વિશેષતા
હોલસેલ ભાવે
રિટેલ

KANCHI
A Blend of Indian Heritage

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફલોર, જુની હનુમાન લેન,
કાલબાદેવી, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
Tel.: 022-22060636
Email : sareekanchi@gmail.com

Sunday Closed

વીરચંદ ગાલા - 09930408010 • મીનલ દેઢિયા - 09930704743

RAMESH MOTA - 7303353874

## પરોઢનોઉજાશ!!!




સલુણા શ્રાવક ધર્મને સોહામણો સજી જનાર એ નવયુવાન જય મોર્ડન કોલેજીયન હોવા છતાં, માતા પિતાનાં સુસંસ્કારે અલંકૃતે એ યુવાન જય આશા અને અરમાને એ વીર સૈનિક જય. જય એટલે સમેત શિખરજી તીરથની ૧૦૮થી વધુ વાર યાત્રા કરી, કરાવનાર સાવલા એન્ડ લોડાયા ટુર્સના શ્રી પ્રવીણભાઈ અને લીનાબહેનનો ચાગલો પુત્ર. જે ૨૫ જુલાઈ ૨૦૧૪ના રોજ રેલ્વે અકસ્માતમાં કાળનો કોળીઓ બની ગયો!! આપ્તજનો સૌ ઘેરા શોકમાં શેકાઈ ગયા.

સમાજની સામાજીક સુરક્ષા અને મહાજનશ્રીના વીમા યોજના સાથે જોડાયેલ લોડાયા પરિવારને ઠીક ઠીક વળતર મળ્યું. જિગરમાં જિનાજ્ઞા અને જૈનત્વને જડી ચાલનારા મમ્મી પપ્પાએ વિચાર્યુ પુત્ર જેવો પુત્ર ગયો! હવે શું કરવું છે આ ધનને ? તો? જયના આયુષ્ય ખંડને ઉજાગર કરવા આ રકમ જ્ઞાતિના જરૂરતમંદોને મુશીબતમાં કામ લાગે એ રીતે વાપરીએ તો? જય ના હૈયાતીના ધબકારા વરસો પર્યંત આપણને સંભળાતા રહેશે. આ ધન જીર્ણ મંદિરો સમા, બાંધવો વહેંચીએ તો ?

સુખદ વિચારને અમલમાં મૂકવા લોડાયા પરિવારે એકાવન પરિવારોને સામાજીક સુરક્ષાની સાંકળે સાંકડી લેવાના નિર્ધારે ૪૦ પરિવારોને સુરક્ષાનું કવચ ભેટ આપ્યું છે ના કોઈ જાહેરાત, ડંફાસ, બસ ઉચ્ચિત કાર્યનું જ લક્ષ! આ નાતના રૂપીયા, નાત માટે, નાતીલાઓ માટે જ ખર્ચી પુત્ર જયના આત્માને દિશા સૂચક શ્રધ્ધાંજલિ અર્પતા સ્વર્ગલોકથી જયના આત્માને આનંદના અભિષેક કર્યા.

પરોઢના ઉજારા સમા આ દ્રષ્ટાંતે બે હાથ સહ, માથા સાથે ઝૂકી તો જવાય ને ?

સૂચન અને પ્રેરણા.

અ.સૌ જિજ્ઞા કેતન હિરાચંદ પટેલ-તેરા

**રજુઆત : લહેરચંદ મૈશેરી (ભાંડુપ)**

શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનમો નમઃ

**શ્રી શંત્રુજ્ય મહાતીર્થની ભવ્યાતી ભવ્ય યાત્રા**

શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ આયોજિત ચૈત્ય પરીપાટી, સંપૂર્ણ યાત્રાના દાતાશ્રી**માતુશ્રી હિરાવંતીબેન લહેરચંદ હીરજી મેપાણી પરિવાર મુલુંડ,**

મુંબઈથી પ્રસ્થાન તા.૦૨.૧૦.૧૫ થી ૦૫.૧૦.૧૫ મુંબઈ આગમન પાલીતાણા તથા અન્ય તીર્થની યાત્રા નું આયોજન કરેલ છે. મુંબઈથી બસ દ્વારા ૧ બસ ના લેવાના હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પરજાઉ ગામવાસી તથા નીયાણી બહેનોએ નામ નોંધવવા વિનંતી. ડીપોઝીટ રૂ.૫૦૦/- રીફંડેબલ. નામ નોંધાવ્યા પછી તો ડીપોઝીટ પાછી આપવામાં આવશે નહી. (યાત્રાનો ફેરફાર કે રદ કરવાનો નિર્ણય ટ્રસ્ટીગણનો રહેશે.)

સંપર્ક : કેતન દંડ (મુંબઈ) 09987329999 /
ગુલાબભાઈ દંડ (અમદાવાદ) - 09824097078

**સારે જહાંસે અચ્છા હિન્દુસ્તાં હમારા, ઈસ્ટ ઓર વેસ્ટ વડાલા હે બેસ્ટ**

**શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘમાં સુરિત્રયની આશિષે પ.પૂ.કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. અને પ.પૂ.જિનપ્રિયાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ધર્મ અભિયાનોમાં આખુ વડાલા ગુલીસ્તાન બનેલ છે. વડાલા શ્રી સંઘમાં આગામી કાર્યક્રમો-આગળ મુજબ છે**

**પર્યુષણા મહાપર્વમાં** દિવ્ય ભવ્ય **આંગીની** ઝાંખીનું મહા આયોજન છે. એકાસણા કરી **પૌષદ**કરનારા ને પૂર્ણ મુંબઈ મહાનગરીના આરાધકોને આમંત્રણ છે.

પર્યુષણા મહાપર્વમાં વ્યાખ્યાન દરમ્યાન વિધ-વિધિ પાત્રોમાં દ્વારા રાજ દરબારના પાત્રો દ્વારા સમજ આપવામાં આવે, આમ **વડાલા અચલગચ્છ જૈન સંઘ**માં પૂજ્યોનાં પગલે ધર્મક્રિયામાં આનંદ મંગળ વર્તાઈ રહ્યો છે.

તા. ૨૭.૦૯.૧૫ના રવિવારે ગચ્છ નાયક તપસ્વી સમ્રાટ વહાલા**ગુરૂદેવશ્રી ગુણોદય સાગર સૂરિશ્વરજી મ.સા.**નાં જન્મ મહોત્સવની દિવ્ય રથયાત્રામાં ધર્મ ધજાઓ અશ્વઓ,ધર્મની બગી, નગર શેઠની ૧૦ બગી, પૂજ્યોનાં છબી સાથે શ્રાવકો તથા બેડા શણગારેલી બહેનો, ગહુલીવાળી બહેનો, મહિલા મંડળની ટ્રકોજ , અનુકંપાદાન આમ દિવ્ય અને ભવ્ય રથયાત્રા નિકળશે. જેમાં દરેક સંઘોનાં પ્રતિનિધીઓને સપ્રેમ આમંત્રણ છે.

આ રથયાત્રા બાદ પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની ગુણાનુવાદ સભાનું આયોજન અને ત્યારબાદ સાધર્મિકભક્તિનું આયોજન કરેલું છે.

## આગામી સંમેલન મોકુફ રહેલું હોય તે અંગે પૂરી ઔપચારિક્તા ની જરૂર નથી એવી પદાધિકારીઓની રજુઆત મહાસમિતિએ ન સ્વીકારતા નવી મહાસમિતિના ગઠન અંગે ચક્રોગતિમાન

શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની રવિવાર તા.૩૦.૦૮.૨૦૧૫ના મુલુંડના શિશુકુંજ હૉલમાં મળેલ મહાસમિતિની સભામાં આગામી સંમેલન મોકુફ રહેલું હોય તે અંગે પૂરી ઔપચારિક્તાની જરૂર નથી એવી પદાધિકારીઓની રજુઆત મહાસમિતિએ ન સ્વીકારતા નવી મહાસમિતિના ગઠન અંગે ચક્રોગતિમાન કરવાનો નિર્ણય લેવાયો છે.

સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટ લાપસીયાના અધ્યક્ષ સ્થાને મળેલ મહાસમિતિની સભામાં સંમેલનની બાબતમાં ત્રણ સ્પષ્ટ જુદા જુદા પ્રવાહો જોવા મળ્યા હતા.

સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતા અને મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટ લાપસીયાના મતે સંસ્થા તેના બંધારણને પૂર્ણપણે અનુસરી છેલ્લા સવા બે-અઢી વર્ષથી સંમેલન યોજવા માટે પ્રયત્નો કરી રહી છે. કેટલાક જ્ઞાતિ આગેવાનોએ નકારાત્મક વલણ ન અપનાવ્યુ હોત તો ડિસેમ્બર ૨૦૧૪માં સંમેલન યોજાઈ પણ ગયું હોત. તે વખતે કેટલાક આગેવાનોએ મુંબઈ મહાજનની અને અનંતનાથજી ટ્રસ્ટની ચુંટણીઓની તારીખ સંમેલનની તારીખ સાથે ટકરાતી હોય સંમેલન નવેમ્બર ૨૦૧૫માં યોજવાનો અનુરોધ કર્યો એટલે મોકુફ રાખવામાં આવ્યુ હતું. જ્ઞાતિ પ્રત્યેની જવાબદારીને ધ્યાનમાં લેતા સંમેલન વહેલામાં વહેલી તકે યોજાય એ આપણા સૌની ફરજ છે, તેથી વિનંતિ કરવાની કે બંધારણના વિવિધ શાબ્દિક અર્થો કરવાને બદલે તેની ભાવના ધ્યાનમાં લઈને વહેલામાં વહેલું સંમેલન યોજવા સૌ સહકાર આપે.

બીજા પ્રવાહનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ આગેવાનો શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા, શ્રી રમેશ મોતા અને શ્રી ભરત છેડાએ જણાવ્યું હતું કે જ્યાં સુધી સંસ્થા વિઝન ડોક્યુમેન્ટ તૈયાર ન કરી લે ત્યાં સુધી સંમેલન સાર્થક થશે નહીં માટે એ તરફ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

ત્રીજા પ્રવાહનું પ્રતિનિધિત્વ કરતા સંસ્થાના ટ્રસ્ટી અને મુંબઈ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી નયન


**શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્ત્વ રીસર્ચ સેન્ટર**
vitraag vigyaan
**રાજનગર-પર્લી**

**સર્વ જીજ્ઞાસુ સાધક વર્ગને પર્યુષણ આરાધનાનું આમંત્રણ**
**તા. ૧૦-૯-૨૦૧૫ થી તા. ૧૭-૦૯-૨૦૧૫**

સમય : સવારના ૮.૩૦ થી ૧૧.૩૦, રાતના ૭.૩૦ થી ૧૦.૩૦
સ્થળ : વસંત સ્મૃતિ હોલ, દાદાસાહેબ ફાલકે રોડ, ભરતક્ષેત્રની ઉપર, દાદર (ઇ), મુંબઇ-૪૦૦ ૦૧૪.

**પર્યુષણ મહાપર્વ આરાધનાનો વિષય:**
**શ્રી આત્મસિધ્ધી શાસ્ત્ર-ઉપસંહાર**

"મોક્ષ કહયો નિજશુધ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ."

-શ્રી આત્મસિધ્ધી શાસ્ત્ર

ભગવાન મહાવીરના અંતેવાસી શિષ્ય પરમ કૃપાળુદેવે અત્યંત કરૂણાથી જગતના સર્વ જીવોને, સર્વ કર્મોથી મુક્ત થવાનો, મોક્ષનો સરળ અને સુગમ માર્ગ બતાવ્યો છે, એનો ઉપસંહાર પરમ પૂજ્ય શ્રી પ્રેમ આચાર્યજી (પ.પૂ.પપ્પાજી) તેમની સરળ પણ અનુભવયુક્ત વાણી દ્વારા વિવેચીત કરશે.

**સર્વને પધારવાનું ભાવભર્યુ નિમંત્રણ છે.**

**વધુ વિગત માટે સંપર્ક :**
**E-mail: info@vitraagvigyaan.org**
**www.vitraagvigyaan.org**
**Help Line No. 9920019903**


卐 જયશ્રી અંબેમાં 卐

### કુળદેવીને નવા મંદિરમાં બિરાજમાન કરવા તથા ગંધી બદલાવાના પ્રસંગે ઉપસ્થિત રહેવા ભાવભર્યુ નિમંત્રણ

કચ્છ લાલા ગામમાં નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબેમાંને નવામંદિરમાં બિરાજમાન કરવાના છે અને ભૂઈમાશ્રી તથા ભુવાશ્રીની ગંધી બદલાવવાનો પ્રસંગ કારતક સુદ ચોથ સાથે છે તા.૨૯.૧૧.૨૦૧૫ અને પાંચમના ૩૦.૧૧.૨૦૧૫.

આ સોનેરી અવસરે સૌ ભાવિકો તેમજ નિયાણી બહેનો સહપરિવાર સાથે પધારશોજી આપના આગમનની અગાઉથી જાણ કરશોજી.

પ્રમોદભાઈ નાગડા 09098028800
વિભયભાઈ નાગડા 09004418009
કુસુમકાંતભાઈ નાગડા 09322897342
સોમચંદભાઈ નાગડા 09833816131
પ્રફુલભાઈ નાગડા 09322220204

ભેદાએ જણાવ્યું હતું કે અગાઉના સંમેલનોમાં થયેલા ઠરાવો એક અર્થમાં વિઝન દર્શાવે છે. મુખ્ય સવાલ છે. તેના અમલ માટે ભંડોળ એકઠુ કરવાનો એટલે વ્યર્થ ખર્ચ કરીને સંમેલન ભરવા કરતા ભંડોળ એકઠું કરીને જુના ઠરાવોનું પાલન કરવું વધારે મહત્વનું છે.

આ ત્રણે પ્રવાહોની ટક્કરને જોતાં ભૂતપૂર્વ સેક્રેટરી જનરલ શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાએ સંમેલન શક્ય એટલું વહેલું ભરવું છે. એવાં એક લીટીના હકારાત્મક ઠરાવ પર મતદાન કરાવી વાતનો નિવેડો લાવવાનું સૂચન કર્યુ હતું. પણ કેટલાક જ્ઞાતિ આગેવાનોને તેને કારણે મતભેદો મનભેદ સુધી વિસ્તરશે એવું લાગતા સંમેલનને હાલ મોકુફ રાખી, નવી મહાસમિતિની રચના કરવા બંધારણ અનુસાર ચક્રોગતિમાન કરવાનો નિર્ણય લેવાયો હતો.

મહાસમિતિમાંની કાર્યવાહીના અનુસંધાનમાં ટ્રસ્ટબોર્ડએ હવેથી પોતાની કાર્યવાહી આગામી મહાસમિતિની રચના કરવા બંધારણા પ્રમાણેની ફરજોનું પાલન કરવા સાથે અગાઉના સંમેલનોમાં થયેલા ઠરાવો સહિતના નિર્ણયોને અમલમાં મૂકવાને અગ્રતા આપવાનું ઠરાવ્યું હતું.

**- ચંદ્રસેન મોમાયા**

## શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર

**લાલપુર, જી.જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫ - ૨૭૩૩૪૮.**

શ્રી ભલારાદાદા સંકુલ લાલપુર, નિર્માણઘીન અદ્યતન કોમ્પલેક્સના નિર્માણમાં સહભાગી શ્રી દાતાઓની સુચીમાં ભુલચુક થયેલ છે સુધારાની યાદી.

શ્રી નારાયણજી લાલજી ખોના (સાંઘવ/મુલુન્ડ)ના બદલે શ્રી નારાયણજી લાલજી ખોના **(તેરા/માટુંગા)** છે.

શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ (કોઠારા)ના બદલે **શ્રી ભલારાદાદા સ્થાનક (કોઠારા)** છે.

શ્રી ખીમજીભાઈ ટોકરશી સોની (સાંયરા/ડોંબીવલી)ના બદલે માતુશ્રી ખીમાબાઈ ટોકરશી સોની હસ્તે **વિણાબેન કાન્તીલાલ સોની (સાંયરા**/ડોંબીવલી) છે.

માતુશ્રી બાયાબાઈ લક્ષ્મી વિકમશીને બદલે માતુશ્રી બાયાબાઈ **લખમશી** વિકમશી (જખૌ/મુલુંડ) છે.

૨૦૧૬ના આગામી સમુહ પહેડીના લાભાર્થી પરિવારમાં શેઠ શ્રી ભવાનજી હરશી લોડાયા (રાપર/મુલુન્ડ)ના બદલે **માતુશ્રી ભચીબાઈ હરશી લોડાયા** (રાપર/ભાંડુપ) હસ્તે વિજયાબેન કુંવરજી લોડાયા (ભાંડુપ)

નામમાં શરત ચુકથી રહી ગયું હોય અથવા ખોટું લખાયું હોય તો

**મિચ્છામિ દુક્કડમ**

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા.૨૫.૦૯.૨૦૧૫ને શુક્રવાના સવારના ૧૦ વાગ્યાથી ૧ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પલેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ(ઈસ્ટ) હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : **શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ નં : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.** સજીસ્ટ્રેજાનના રૂ.૫૦/- ત્યાં આવીને ભરાવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખઃ ૨૧.૦૯.૨૦૧૫ ત્યારપછી નામ લેવામાં આવશે નહીં.

હાડકાંના દર્દીઓએ ફક્ત કાંજુરમાંર્ગ આવવું

**કિડની, લીવર. સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડિકલ કેમ્પ** શનિવાર તા.૨૬.૦૯.૨૦૧૫ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ સુધી તથઅ રવિવાર તા.૨૭.૦૯.૨૦૧૫ના સવારના ૯ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂ.૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

## લાલા ગામે દાદાની ધજા

લાલા ગામે તા.૨૦.૦૯.૨૦૧૫ રવિવારના વાછરાદાદા અને મોરપીર દાદાની પ્રથમ ધજા સવારના ૯.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

## ખીંસરા ગામે દાદાની ઉત્થાપના વિધિ

ખીંસારા ગામો વાછરાદાદાની ઉત્થાપના તા.૦૯.૦૮.૧૫ના કરવામાં આવેલ. ખીંસરાના દરબાર સમાજ તેમજ સાંધવના જયેશ લોડાયા, મુકેશ દંડ, રાજેશ દંડ, વિપુલ લોડાયા ખિંસરાના માજી સરપંચ ચકુભા પ્રવિણ સિંહ જાડેજા સર્વે હાજર રહ્યા હતા. વિધિ વિધાન દિનેશ વ્યાસ વારાપધર હાજર રહ્યા હતા.


## મસ્જીદ બંદર માં મોકાની જગ્યા

**મસ્જીદ બંદર (વે.) મધ્યે રીટેલ તથા હોલસેલ ધંધા માટે વ્યવસાઈક જગ્યા ભાગીદારીનાં ધોરણે આપવાની છે.**

**રોડ સાઈડ (FRONTAGE) SHOWROOM ઉપર નીચે મળીને લગભગ છસો ચો.ફુ. આજુબાજુ રેડીમેડ ગારમેટ, સ્ટેશનરી, સ્પોર્ટસ આઈટમ અને બીજી અનેક આઈટમ ના વ્યવસાય માટે સર્વોતમ જગ્યા.**

**રેલ્વે સ્ટેશનથી ફક્ત બે મિનીટ નાં અંતરે**

**સંપર્ક : લહેરચંદભાઈ - 93216 68511**

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ

૨૦૧, મેરાથોન મેક્સિમા, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

જ્ઞાતિમાં હાલ ૧૯ થી ૪૦ વર્ષના અપરણિત યુવાઓની સંખ્યા જ્ઞાતિની વસ્તીના ૧૨ થી ૧૫% છે જે આપણી નાની જ્ઞાતિ માટે લાલબત્તી સમાન છે. હમણાં સગપણ નથી કરવું પછી જોઈશું ની વૃતિને કારણે હાલમાં ૨૫ થી ૩૦ વર્ષની કન્યાઓની સંખ્યા વધુ છે. શિક્ષણ અને તે બાદ રોજગાર–વ્યવસાયને કારણે કન્યાઓ સગપણ, લગ્ન ટાળે છે. માવતર મૂક રહે છે કે માન્ય રાખે છે. કન્યાના લગ્ન ૨૦ થી ૨૫ વર્ષ દરમ્યાન થવા જોઈએ. હાલની સામાજિક પરિસ્થિતિમાં સ્ત્રીઓના ભણતર વ્યવસાયને કારણે મળતા Exposure ને કારણે કન્યાઓ સીનેમા, ટીવી અને અન્ય મુકત વાતાવરણમાં પલોટાઈને વિચાર્યા વગર આંતરજ્ઞાતિય લગ્ન તરફ વળે છે કે મારી શૈક્ષણિક લાયકાત અને ઉંમર પ્રમાણે મારા લાયક જ્ઞાતિમાં યુવક નથી તો આપણી શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયના મોભા અનુસાર આપણા કોલેજ, વ્યવસાયના વર્તુળમાં લગ્ન કરશું તો વૈચારિક સક્ષમતા રહેશે. પરંતુ નાતજાતનો ધર્મનો સંસ્કારનો ખાવાપીવાની આદતોના ફરકને અંદાજી શકતી નથી અને આગળ વધે છે. આપણી સંસ્કારી અને ભણેલી કન્યાઓને સમયસર જ્ઞાતિમાં પરણાવી સમાજની નજર સમક્ષ રાખીએ લગ્નબાદ ગૃહસ્થજીવન અને વ્યવસાયિકજીવન દંપતી પોતે યોગ્ય રીતે ગોઠવી શકે.

આપણા સમાજમાં એક એવી માન્યતા ફેલાયેલી છે કે જેના સગપણ ન થાય તે સગપણ સંમેલનમાં જાય આપણે મોકલશું તો આપણા સગાવહાલા શું કહેશે? એ વાત યોગ્ય નથી. દરેક સમાજ–જ્ઞાતિમાં યોગ્ય પસંદગીનો પતિ કે સંગીની મેળવવા સંમેલનો થાય છે. આજના સમયમાં સંપર્કના અભાવે દૂર દૂર રહેવાનો કારણે, કે વ્યવસાયના કારણે કૌટુંબિક સંબંધોની કડી નબળી પડી છે. ત્યારે આપણા બાળકો માટે સગપણ સંમેલન જ આ સમસ્યા ઉકેલી શકશે. સગપણ સંમેલન તો સમાજના મધ્યમ વર્ગ કે નબળા વર્ગ માટે છે આપણા માટે નથી એવી વિચારસરણી પણ ભૂલ ભરેલી છે ''આપણે તો સારી શૈક્ષણિક કે નાણાંકીય સ્થિતિવાળા છીએ. આપણાથી ત્યા જવાય ?'' આ દલીલ પણ ગુરુતાગ્રંથી દર્શાવે છે. આનાથી તેમને એવમ્ સમાજને પણ નુકશાન થાય છે. ''અત્યારે શું ઉતાવળ છે. સગપણ કરશું. પોતાની મેળે સારો વિકલ્પ ઉભો થશે. એવી માન્યતાવાળા વડીલો જયારે તેમના પુત્ર કે પુત્રીની મોટી વય થતાં પાત્ર પસંદ કરી લે ત્યારે કંઈ બોલી શકતા નથી. અને એ માન્ય કરવું પડે છે. કયારેક સમાજમાં ભોઠા પણ પડવું પડે છે. મુંબઈની કન્યાઓ તેના વડીલો તેનું સગપણ મુંબઈ બહાર નથી ઈચ્છતા તે ભુલ ભરેલી છે. અને તેવી વિચારસરણી હોય તો તે યોગ્ય નથી. દેશાવરમાં જ્ઞાતિજનો સુખી છે. હાયહોય નથી.

મુંબઈમાં લાંબે રહેતા કે છુટાછવાયા રહેતા જ્ઞાતિજનો એવં દેશાવરમાં રહેતા જ્ઞાતિજનો માટે આ સમસ્યા વધુ વિકટ છે, ત્યારે જ્ઞાતિના દરેક સ્થાનિક ગામના સક્રિય કાર્યકરો કે દેશાવરના દરેક ગામના મહાજનના પદાધિકારીઓ તેમના ગામમાં રહેતા અપરણિત યુવાઓ માટે ફોર્મ ભરાવીને આમાં જોડાવા પ્રોત્સાહિત કરે. આ સમસ્યા ઉકેલવા આપ સૌના સાથ સથવારાની જરૂર છે, આપના હકારાત્મક અભિગમની આશા સાથે વિરમીએ છીએ...

આયોજિત

## સગપણ સંમેલન ૨૦૧૫



**: સંમેલન દિન :**

**શનિવાર, તા. ૨૬–૯–૧૫**

જ્ઞાતિજનો તરફથી મળેલ જબરદસ્ત ઉત્સાહ અને ઉમંગને જોતાં હવે સગપણ સંમેલનનું સ્થળ અને સમયમાં ફેરફાર કરેલ છે.

**સમય :**

**સવારના ૯ થી સાંજે ૫ કલાકે**

: સ્થળ :

બેડમીન્ટન ઈનડોર સ્ટેડીયમ,
કાલિદાસ કોમ્પલેક્ષ, પી.કે. રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ–૮૦.

"Marriages are made in heaven and solemnized on earth"
SSJJ has organized
**'Sagpan Sammelan'**
for Eligible Candidates of our community.
Do enroll & Participate,
Create your personality Stamp on Community Platform and Choose your life partner
Come - grab the opportunity
Get the exposure of community pluck your sweet one.

**ચાલો, આપણે સૌ આપણી જ્ઞાતિના સગપણ સંમેલન ૨૦૧૫ માં જોડાઈએ અને**

## RIGHT MATCH મેળવીએ....

લિ. શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ : જયેશ જૈન (પ્રમુખ)

સંપર્ક : ગોવિંદજી પટેલ (૯૮૨૦૫૪૦૯૪૯), કિરણ દંડ (૯૮૩૩૮૦૮૨૪૪), વિરેન્દ્ર લોડાયા (૯૮૨૧૦૭૩૮૩૦), પ્રબોધ મુનવર (૯૯૨૫૧૬૯૮૭૬)

## મુલુંડ અચલગચ્છ સંઘનો પર્યુષણ કાર્યક્રમ

સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણા ૬ ની નિશ્રામાં પર્યુષણ મહાપર્વની ભવ્ય ઉજવણી કરી રહેલા મુલુંડ અચલગચ્છ સંઘના મુખ્ય કાર્યક્રમ યા પ્રમાણે છે.

- **ભાદરવા સુદ ૨, મંગળવાર, તા. ૧૫-૯-૨૦૧૫ :** સવારના ૮.૩૦ કલાકે શ્રી કલ્પસૂત્રનું વાંચન, શ્રી ૧૪ સ્વપ્નની વિવિધ ઉછામણીઓ અને આદેશ. શ્રી મહાવીર જન્મ વાંચન, શ્રી ઘોડિયા પારણુ ઘરે પધરાવવાની ઉછામણી અને આદેશ. **બપોરના સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખેલ છે.**

- **ભાદરવા સુદ ૩, બુધવાર, તા. ૧૬-૯-૨૦૧૫ :** સવારના ૮.૩૦ કલાકે અને બપોરના ૨.૩૦ કલાકે શ્રી કલ્પસૂત્રનું વાંચન.

**ભાદરવા સુદ ૪, ગુરૂવાર, તા. ૧૭-૯-૨૦૧૫ :** સવારના ૮.૩૦ કલાકે અને બપોરના ૨.૩૦ કલાકે શ્રી કલ્પસૂત્રનું વાંચન, ૧૦ કલાકે તપસ્વીઓનું બહુમાન.

- **ભાદરવા સુદ ૫ (સંવત્સરી), શુક્રવાર, તા. ૧૮-૯-૨૦૧૫ :** સવારે ૮ કલાકે પૂ. મહારાજ સાહેબને શ્રી બારસાસૂત્ર વહોરવવાનું તથા પાંચ જ્ઞાનપૂજાઓ. ચૈત્યપરિપાટી.

- **ભાદરવા સુદ ૬, શનિવાર, તા. ૧૯-૯-૨૦૧૫ :** સવારના ૫ વાગે દ્વાર ઉદ્‌ઘાટન. સવારના ૮ થી ૧૦ કલાકે તપસ્વીઓના સમૂહ પારણાં દેરાસર કરાવવામાં આવશે. સવારનાં ૯ કલાકે સામુહિક ક્ષમાપના.

શ્રાવક-શ્રાવિકાઓ માટે દરરોજ પ્રતિક્રમણનો સમય સાંજે ૭ કલાકે અને ૦)) ના સાંજે ૬ કલાકે તથા સંવત્સરીના પ્રથમ : બપોરે ૧.૩૦ કલાકે ● દ્વિતીય : સાંજે ૪.૩૦ કલાકે રહેશે.

**પર્યુષણ પર્વ બાદ રવિવાર, તા. ૨૦-૯-૨૦૧૫ ના મુલુંડ મહાસંઘ દ્વારા આયોજીત પરમાત્માની શોભાયાત્રા** સવારના ૮.૩૦ કલાકે શ્રી સર્વોદય દેરાસરથી શરૂ થશે અને શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ પૂર્ણ થશે. **ત્યારબાદ સકલ શ્રી સંઘનું સ્વામિવાત્સલ્ય રાખેલ છે.**

**શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,** ૫૪/૫૫, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦. ફોન : ૨૫૬૭ ૧૧૭૦


**લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ**

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# REQUIRED

**Commerce Graduates for a Stock Broking firm at Prabhadevi.**

**Interested persons please send their biodata at**

**jobs@dharamshi.net**

DHARAMSHI
SECURITIES PVT. LTD.
DILIGENT* DECISIVE

**Dharamshi Securities Pvt. Ltd.**
**Dharamshi Commodities Pvt. Ltd.**

**Quest, 1073 Rajabhau Desai Marg, Behind Beaumonde Towers, Prabhadevi, Mumbai-400 025.**




।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।।

# શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા



ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૨-૨૨૨૩૩૭

Email Id : kdonaliyamahajan@gmail.com

મુંબઈ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪



## તા. ૧૧/૧૦/૨૦૧૫ ને રવીવારના સામુહીક ક્ષમાપના - સ્વામિવાત્સલ્ય - સ્નેહ મિલન માં પધારવા ભાવભર્યુ આમંત્રણ



નલીયા અને તેના વાડાના ગામવાસી જ્ઞાતિજનો, નિયાણી બહેનો સહ પરિવાર... સહર્ષ જણાવવાનું કે પર્યુષણ મહાપર્વ બાદ મુંબઈ મધ્યે અવિશ્મરણીય સામુહીક ક્ષમાપના - સ્વામિવાત્સલ્ય - સ્નેહ મિલન નું ભવ્ય કાર્યક્રમ જેમાં લોક સંગીત - ડાયરાના સુપ્રસિધ્ધ કલાકાર શ્રી. ચેતન ગઢવી ના સંગાથે મહાજન શ્રી દ્વારા તા. ૧૧/૧૦/૨૦૧૫ ને રવીવારે સવારે ૯:૦૦ થી... લાયન્સ ક્લબ કમ્યુનિટી હોલ, ગરોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ મધ્યે આયોજન કરેલ છે. જેમાં આપસૌ ગામવાસી જ્ઞાતિજનો તથા નિયાણી બહેનોએ સહપરિવાર પધારવા ભાવ ભર્યુ આમંત્રણ છે.

આ સ્નેહ મિલનમાં આપણાં ગામનાં તપસ્વીઓ, વિદ્યાર્થીઓ તેમજ વિરલ સિધ્ધીઓ પ્રાપ્ત કરનારાઓ નું બહુમાન કરવામાં આવશે. તપસ્વીઓ જેઓએ આઠ ઉપવાસ થી ઉપરની તપસ્યાઓ કરી હોય તેમનાં પોતાના નામો તથા વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૫ માં ઉત્તીર્ણ થયેલ હોય એ અને વિશેષ સિધ્ધીઓ પ્રાપ્ત કરેલ વ્યક્તિઓ પોતાના નામો પ્રતિનિધિઓ પાસે લખાવવા નમ્ર વિનંતી છે.

**વીણાબેન નાગડા - ઘાટકોપર - મો. ૯૯૬૭૬૬૬૩૮૦ / નેહલ મોતા - ડોમ્બીવલી - મો. ૯૦૨૨૨૭૦૩૬૩ / નીલમબેન નાગડા - મુલુન્ડ - મો. ૯૮૩૩૮૪૮૪૦૩ / હીનાબેન લોડાયા - અંધેરી - મો. ૯૮૨૦૩૧૮૩૪૫ નો સંપર્ક કરી પોતાનાં નામો નોંધાવવા વિનંતી.**

વિદ્યાર્થીઓ એ પોતાની માર્કશીટની કોપી bhavnakhona@gmail.com / alyssaent@hotmail.com પર Mail કરી શકેછે.

તપસ્વીઓ અને વિદ્યાર્થી ઓ પોતાનાં નામો તા. ૩૦/૦૯/૨૦૧૫ સુધીમાં લખાવવાનાં રહેશે.

**આ અનેરા પ્રસંગે જરૂરથી પધારવા ફરીથી આમંત્રિએ છીએ. આપસૌના સાથ અને સહકારના અભિલાષી**

**લિ. શ્રી.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન - નલીયા ટ્રસ્ટીગણ, ચાતુર્માસ - સ્નેહ મિલન સમીતી**

સહયોગી સંસ્થા : ❖ શેઠશ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ - નલિયા

❖ શ્રી ક.દ.ઓ. જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ (શ્રી ચંદ્રપ્રભ અતિથી ભવન) ❖ શ્રી નલિનપુર નારી નિગમ - મુંબઈ


ANANT AROGYA NIDHI

# અનંત આરોગ્ય નિધી દેવલાલી

**પધારો ! પધારો !! પધારો !!!**

શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનાટોરીયમ
લામ રોડ, ટોલ નાકા નં. ૬, દેવલાલી, નાશીક-૪૨૨ ૦૦૧.
Email ID : dharamshi@gmail.com



પરમ સ્નેહી સ્વજન, સસ્નેહ સાદર વંદન સાથે જય જિનેન્દ્ર.

યંત્ર સમી શહેરની બોઝિલ જિંદગી થી દૂર... મંત્ર સમી શાંતિ આપ ઝંખો છો...? જો હા... તો આપની સમક્ષ પ્રસ્તુત છે આ નમ્ર નિવેદન.

માનવમાત્ર શાંતિ અને પ્રસન્નતા ઝંખે છે. આવો પ્રસન્નતાનો પૈગામ લઈને... તેજ... તાકાત અને તંદુરસ્તીનું નઝરાણું લઈને... શાંતિનો દિવ્ય સંદેશ લઈને પ્રકૃતિની ગોદમાં આંખો અને અંતરને ધન્ય કરે તેવું સંકુલ આપની સુવિધા માટે સજ્જ છે....!

**ચાલો જોઈએ... તેની, એક ઝલક... પલકમાં**

આપને જરૂર લાગશે કે આપનું જ સ્વપ્ન અહીં સાકાર થઈ રહ્યું છે. હિમાલય ની બર્ફીલી ચટ્ટાનોમાં જેમ માનસસરોવર શોભે છે તેમ નાસિક-દેવલાલીના દિવ્ય અને પ્રાકૃતિક પરિસરમાં આપના હૈયાને મળશે હળવાશ... ચિત્તને મળશે પ્રસન્નતા... આંખોને મળશે હરીભરી પ્રકૃતિનું સાન્નિધ્ય...! અહીં કુદરતે ખોબલે ખોબલે સૌંદર્ય ની રસલ્હાણ કરી છે. ઊડીને આંખે વળગે તેવી તેની લાક્ષણિકતા એ છે કે -

- ● 0% પ્રદુષણ (પોલ્યુશન)..... નયનરમ્ય નૈસર્ગિક સૌંદર્ય ● દરેક રૂમમાં ટી.વી. તથા ફ્રીઝ ● દરેક રૂમમાં પીવાના પાણીની સગવડ
- ● વિનયી અને વિવેકી સ્ટાફ ● સુચારૂ વહિવટ કર્તા અને સેવા સમર્પિત ટ્રસ્ટીઓ ● કિફાયત દર

હોટેલ ના ઊંચા ચાર્જ અને ઘોંઘાટમય વાતાવરણ કરતા અહીં સ્વચ્છતા... શાંતિ... અને અનેક ઘણું નિરામય વાતાવરણ... આપને મળશે.

જેમ સાગર સરિતાને બોલાવે... મા પોતાના સંતાન ને બોલાવે... તેમ પ્રકૃતિ મૈયા માનવ બાળને ધરતીના ખોળે ખેલવા... ખીલવા... ખુંદવા અને ખુશીનો ખજાનો લૂંટવા આપને સાદ કરે છે...

આપ જરૂર થી તેનો પ્રતિસાદ આપશો. આપ અમને સેવાની તક આપશો...

સંપર્ક : **પરેશભાઈ ❖ કિરણભાઈ**

ક્વેસ્ટ, ૧૦૭૩, રાજાભાઊ દેસાઈ માર્ગ, બિયૂમોન્ડે ટૉવર પાછળ, પ્રભાદેવી, મુંબઈ-૨૫. ફોનઃ 022-2439 4444 • ફેક્સઃ 022-2439 4315



।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।। ટ્રસ્ટ રજી. નં. E 564 (કચ્છ)

# શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા

ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૨-૨૨૨૩૩૭
Email Id : kdonaliyamahajan@gmail.com

મુંબઈ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

## શ્રી આવક-જાવક ખાતું (તા. ૦૧/૦૪/૨૦૧૪ થી ૩૧/૦૩/૨૦૧૫)

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૩૨૪૦૦.૦૦ | શ્રી દુકાન ભાડા આવક | ૩૪૦.૦૦ | શ્રી ગ્રામ પંચાયત વેરો |
| ૩૯૦૨૪૦.૩૮ | શ્રી બેંક વ્યાજ S/B તથા F/D | ૧૦૭૧૭૬.૦૦ | શ્રી રીપેરીંગ ખર્ચ |
| ૧૫૦.૦૦ | શ્રીબેંક શેર ડીવીડંટ આવક | ૪૪૫૦.૦૦ | શ્રી વીમા પ્રીમીયમ |
| ૧૩૪૭૨.૦૦ | શ્રી સાધર્મિકભક્તિ આવક | ૩૦૮૮૯૯.૦૦ | શ્રી વહીવટી ખર્ચ (સ્ટેટમેંટ મુજબ) |
| ૫૩૬૧.૦૦ | શ્રી આયંબિલ ભેટ આવક | ૧૩૬૦૦.૦૦ | શ્રી ઓડીટ ફી |
| ૪૦૧૪૮.૦૦ | શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્છ આવક | ૮૫૬૭.૦૦ | શ્રી ચેરીટી કમીશનર ફાળો |
| ૫૧૪૦૨૬.૦૦ | શ્રી સંઘ જમણ આવક | ૪૪૭૫.૦૦ | શ્રી ડેડ સ્ટોક |
| ૧૯૨૭૮૧.૦૦ | શ્રી સાધારણ ભેટ | ૩૭૩૧.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ |
| ૧૩૮૬૨૩૧.૦૦ | શ્રી ચાતુર્માસ ભેટ આવક | ૨૭૫૬૯.૦૦ | શ્રી ઘસારા ખર્ચ |
| ૧૬૫૪.૦૦ | શ્રી વાસણ / ગાદલા ભાડા | ૫૦૬૭૨૦.૦૦ | શ્રી સંઘ જમણ ખર્ચ |
| ૩૩૦૦.૦૦ | શ્રી પરચુરણ આવક | ૪૨૯૦૨.૦૦ | શ્રી સાધુ-સાધ્વી વૈયાવચ્છ ખર્ચ |
| ૨૫૫.૦૦ | શ્રી મહાજન લાગા | ૯૬૧૩૫.૦૦ | શ્રી સાધારણ ખર્ચ |
| | | ૪૯૮૪૨૬.૦૦ | શ્રી ચાતુર્માસ ખર્ચ |
| | | ૪૬૧૦.૦૦ | શ્રી સાધર્મિક ખર્ચ |
| | | ૫૧૩૩૫૫.૦૦ | શ્રી સ્નેહ મીલન ખર્ચ |
| | | ૪૩૯૦૬૩.૩૮ | શ્રી વધારો સરવૈયામાં લઈ ગયા |
| ૨૫૮૦૦૧૮.૩૮ | | ૨૫૮૦૦૧૮.૩૮ | |

## તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધીનું પાકું સરવૈયું

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૬૨૩૮૪૮.૭૫ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૩૩૨૮૭૯૫.૦૦ | શ્રી સ્થાવર મિલ્કત |
| ૬૨૦૩૬૩૭.૧૩ | શ્રી ભોજનશાળા ફંડ | ૨૧૪૭૯૪.૦૦ | શ્રી ફર્નીચર ફીકસર A/C |
| ૧૨૯૯૭૨૨.૩૫ | શ્રી અંકિત ખાતા (સ્ટેટમેંટ) | ૧૬૭૨૨.૦૦ | શ્રી G E B મીટર ડીપોઝીટ |
| ૬૧૦૪૦૭.૬૯ | શ્રી આવક / જાવક | ૩૯૯૪૩.૦૦ | શ્રી T D S ખાતે I T |
| | ૧૭૧૩૪૪.૩૧ ગતવર્ષના બાકી | ૧૨૫૦.૦૦ | શ્રી અરીહંત બેંક શેર |
| | ૪૩૯૦૬૩.૩૮ ચાલુ વર્ષનો વધારો | ૧૨૩૯૭૭૯.૦૪ | શ્રી વ્યાજ વસુલાત બાકી |
| | ૬૧૦૪૦૭.૬૯ ટોટલ નફો | ૨૨૯૫૧૧૯.૦૦ | શ્રી S B I નલીઆ F/D ખાતું |
| | | ૧૦૦૦૦૦૦.૦૦ | શ્રી U B I મુંબઈ F/D ખાતું |
| | | ૩૫૦૦૦૦.૦૦ | શ્રી અરીહંત બેંક મુંબઈ F/D ખાતું |
| | | ૧૪૦૧૦૫.૩૮ | શ્રી S B I નલીઆ S/B ખાતું |
| | | ૮૭૨૩૨.૫૦ | શ્રી અરીહંત બેંક મુંબઈ S/B ખાતું |
| | | ૨૩૮૭૬.૦૦ | શ્રી રોકડ પુરાંત |
| ૮૭૩૭૬૧૫.૯૨ | | ૮૭૩૭૬૧૫.૯૨ | |

**ઓડીટર્સ : ખીમજી કુંવરજી ની કું (ગાંધીધામ) તા. ૩૧/૦૮/૨૦૧૫**

નોંધ : તા. ૧૫/૦૯/૨૦૧૫ ના વાર્ષિક સામાન્ય સભા નલીયા મધે રાખેલ છે. સર્વે ભાઈ-બહેનોને પધારવા વિનંતી. હિસાબ બાબત કોઈને પણ પૂછવું હોય તો ૧૪/૦૯/૨૦૧૫ સુધી લેખીત જાણ નલીયા ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે જવાબ આપવા સરળતા રહે.

## શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા વતી (ટ્રસ્ટીગણ)

|| અહિંસા પરમો ધમ || || શ્રી ચંદ્રપ્રભુ સ્વામિયે નમઃ || || કરૂણા સર્વની કલયાણકારી ||



# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલિયા

**નલિયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦ ૬૫૫**

**80 G(S) of I.T. Act 1961 No. JAM/TAK/I(b) 80G/32/04-05/2072**

**ટ્રસ્ટ રજી. નં. E 1051 (કચ્છ)**

મુંબઇ :- એડ્રેસ : ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઇ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઇ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

## શ્રી આવક-જાવક ખાતું (તા. ૦૧/૦૪/૨૦૧૪ થી ૩૧/૦૩/૨૦૧૫)

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૬૮૪૦૦.૦૦ | શ્રી BSNL ટાવર / મકાન ભાડું | ૨૧૬૦.૦૦ | શ્રી મિલકત વેરો |
| ૬૧૦૬૦૨.૨૨ | શ્રી બેંક વ્યાજ S/B તથા F/D | ૫૨૮૯૫.૦૦ | શ્રી રીપેરીંગ ખર્ચ |
| ૧૫૦.૦૦ | શ્રી શેર ડીવીડંટ | ૮૫૩૧.૦૦ | શ્રી વીમા પ્રીમીયમ ખર્ચ |
| ૨૪૧૪૭૬૭.૦૦ | શ્રી ભેટ આવક (સ્ટેટમન્ટ) મુજબ | ૨૪૭૮૭૭.૦૦ | શ્રી વહીવટી ખર્ચ (સ્ટેટમેન્ટ) |
| ૧૧૩૭૦૨૫.૦૦ | શ્રી સરકારી સબસીડી | ૧૩૬૦૦.૦૦ | શ્રી ઓડીટ ફીસ ખર્ચ |
| ૧૨૮૫૫૨.૦૦ | શ્રી ઢોડ વેંચાણ | ૧૮૦૧૯.૦૦ | શ્રી ચેરીટી કમીશનર ફાળો |
| ૧૧૩૪૬૦.૦૦ | શ્રી ખાતર વેંચાણ | ૨૦૧૬.૦૦ | શ્રી પરચુરણ ખર્ચ |
| ૨૪૩૧૯૬.૦૦ | શ્રી દૂધ વેંચાણ | ૩૩૪૪.૦૦ | શ્રી ઘસારા ખર્ચ |
| ૨૨૦૦૦.૦૦ | શ્રી ઢોર ભાડા | ૧૧૬૩૦.૦૦ | શ્રી ખેતીવાડી ખર્ચ |
| ૮૫૩૫૦.૦૦ | શ્રી ખેતી વાડી પેદાસ આવક | ૪૫૧૩૨૭૫.૦૦ | શ્રી પાંજરાપોળ રનીંગ ખર્ચ (સ્ટેટમેન્ટ મુજબ) |
| ૪૯૮૪૪.૭૮ | શ્રી આવક થી ખર્ચ વધારો (નુકશાની) | | |
| ૪૮૭૩૩૪૭.૦૦ | | ૪૮૭૩૩૪૭.૦૦ | |

## તા. ૩૧/૦૩/૨૦૧૫ સુધીનું પાકું સરવૈયું

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૨૧૦૭૯૨.૨૨ | શ્રી ટ્રસ્ટ ફંડ | ૨૩૬૪૬૩.૦૦ | શ્રી સ્થાવર મિલ્કત |
| ૯૩૭૧૧૩૮.૭૩ | શ્રી કાયમી ઘાસચારા તીથી ફંડ | ૧૨૨૭૬.૦૦ | શ્રી ફર્નીચર ખાતે |
| | ૮૭૬૫૯૪૧.૭૩ વર્ષના જમા | ૧૧૨૨૦.૦૦ | શ્રી હીરો હોન્ડા મોટરસાઇકલ ખાતે |
| | ૬૦૫૧૯૭.૦૦ આ વર્ષની આવક | ૫૬૦૮૬૦.૦૦ | શ્રી ડાંઢર વતરા / ખાણ (સ્ટોક) |
| | ૯૩૭૧૧૩૮.૭૩ ટોટલ | ૭૮૭૯.૮૩ | શ્રી પાંજરાપોળ વટાંતર |
| | | ૪૪૪૦.૦૦ | શ્રી પી.જી.વી.સી.એલ.ડીપોઝીટ |
| | | ૪૬૨૧૧.૦૦ | શ્રી ટી.ડી.એસ. (૨૦૧૪-૧૫) |
| | | ૫૧૨૩૪૦૩.૦૦ | શ્રી દેના બેંક F D R નલીયા |
| | | ૬૦૦૦૦૦.૦૦ | શ્રી અરીહંત બેંક F D R મુંબઇ |
| | | ૬૧૩૮૯૬.૫૫ | શ્રી દેના બેંક મુંબઇ S/B ખાતું |
| | | ૫૧૦૭૫૮.૦૩ | શ્રી દેના બેંક નલીયા S/B ખાતું |
| | | ૪૨૨૨૩૩.૫૦ | શ્રી અરિહંત બેંક મુંબઇ S/B ખાતું |
| | | ૧૨૫૦.૦૦ | શ્રી અરિહંત બેંક મુંબઇ શેર |
| | | ૧૩૧૮૬.૦૦ | શ્રી રોકડ હાથમાં નલીયા/મુંબઇ |
| | | ૧૪૧૭૮૫૪.૦૪ | શ્રી પાંજરાપોળ/આવક/જાવક ખાતું<br>૧૩૬૮૦૦૯.૨૬ ગત વર્ષની બાકી<br>૪૯૮૪૪.૭૮ ચાલુ સાલે આવક થી ખર્ચમાં વધારો |
| ૯૫૮૧૯૩૦.૯૫ | | ૯૫૮૧૯૩૦.૯૫ | ૧૩૬૮૦૦૯.૨૬ ટોટલ |

**ઓડીટર્સ : ખીમજી કુંવરજી ની કું (ગાંધીધામ) તા. ૩૧/૦૮/૨૦૧૫**

નોંધ : તા. ૧૫/૦૯/૨૦૧૫ ના વાર્ષિક સામાન્ય સભા નલીયા મધ્યે રાખેલ છે. સર્વે ભાઇ-બહેનોને પધારવા વિનંતી. હિસાબ બાબત કોઇને પણ પૂછવું હોય તો ૧૪/૦૯/૨૦૧૫ સુધી લેખીત જાણ નલીયા ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે જવાબ આપવા સરળતા રહે.

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલીયા વતી (ટ્રસ્ટીગણ)**

## આરોગ્ય પ્રકાશ : કસરત – નિરોગી રહેવાની ચાવી – ભાગ ૪

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 9757303562 / 7069621931

એરોબીક કસરતથી ડીમેન્શીયા (યાદ શક્તિ ઘટવી) અને સચેતના-જાણકારી-જ્ઞાનમાં ઘટાડો જેવી બિમારી આગળ વધતી અટકે છે. આવી કસરતથી શબ્દો યાદ રાખવાનું અને શીખવાનું કાર્ય મગજના જે ભાગમાં થાય છે તે હિપ્પોકેમ્પસ ભાગમાં વધારો થાય છે. આમ યાદશક્તિ સુધરે છે. કોઈપણ શીખવાનું કાર્ય ઝડપથી થાય છે. ટુંકા ગાળાની કસરત કરવાથી લોહી અને ઓક્સિજન મગજના આગળના (પ્રિફ્રન્ટસ) હિસ્સામાં વધુ વહે છે અને તેથી પોતાના પર કાબુ સારી રીત થાય છે અને તેથી 'ઓટીઝમ' અને 'એટેન્શન ડેરીબીટ હાટપર એક્ટીવ્હીટી ડીસ ઓર્ડર' (એડીએચડી) નામની મગજની બિમારીમાં ફાયદો થાય છે.

વધુ પડતી કસરત ન થાય એનું ધ્યા રાખો. ઉતાવળે આંબા ન પાકે. ઉતાવળ કરશો તો નકુશાન થવાનો ભય છે, કસરત બંધ કરી દેવી પડશે. વધુ પડતી કસરત કે લાંબા અંતરના દોડનારનું આયુષ્ય ટુંકુ હોય છે એમ અભ્યાસમાં જણાયુ છે. માત્સુમારા અને એમના સહયોગીઓએ ૨૬ વર્ષથી વધુ વયના ૩૮૦૦ દોડનાર સ્ત્રીઓ અને પુરૂષો જેઓ અઠવાડિયાના ૨૦ માઈલ ચાલતા હતા એમના પર અભ્યાસ કર્યો. આ અભ્યાસમાં હાઈ બી.પી., ખરતનાક પેઈન કીલર્સ, હાઈ કોલેસ્ટ્રોલ, હાઈ બ્લડ-સુગર, હાર્ટ એટેકની કૌટુંબીક હિસ્ટરી અને સીગારેટ પીવાની ટેવો (આ બધા ફેક્ટર આપણું આયુષ્ટ ઘટાડવામાં ભાગ ભજવે છે.) બાબત પણ દરેક દોડનારના વિરો ગણતરીમાં લઈ અને પછી જ વધુ દોડનારના આયુષ્ય વિશે અભ્યાસ કર્યો હતો. અભ્યાસ ના અંતે જણાયું કે વધુ પડતુ દોડનારું આયુષ્ય ટુંકુ હતુ. અને અર્થ એ કે પ્રમાણસર કસરત કરવી કે દોડવું જોઈએ, અતિ વધુ નહીં. વધુ પડતી કસરત કે દોડવાથી હૃદયની ટીસ્યુને નુકસાન થાય છે, હૃદની ધડકન અનિયમિત થઈ શકે છે. તજ્ઞો ચેતવણી આપે છે કે એક કલાકથી વધુ જોરદાર કસરત કરવાથી હૃદયના સ્નાયુઓ પર ખેંચાણ, સ્નાયુઓને ઈજા પહોંચે છે અને હૃદની ધડકન અનિયમિત થઈ શકે છે.

અમેરિકાના કાર્ડીયોલોજીસ્ટ જેમ્સ ઓકીફ એને કાર્લ લેવીસે 'જર્નલ હાર્ટ'માં એક અભ્યાસ પ્રસિધ્ધ કર્યો છે કે વધુ ઝડપથી દોડવું, વધુ દૂર સુધી દોડવું અને તે પણ ઘણા વર્ષો સુધી તે વ્યક્તિને જલ્દી મૃત્યુ તરફ લઈ જાય છે. રોજીંદી પ્રમાણસર બહુ જોરદાર ન હોય એવી (મોડરેટ) શારીરિક ક્રિયા-એક્ટીવીટી આપણને નિરોગી રહેવામાં, આયુષ્ય વધારવામાં, સારી રીતે જીવવામાં મદદ કરશે. ઝડપથી દોડવા જેવી કસરત રોજની ૩૦ થી ૫૦ મીનીટ સુધી જ કરવી તેનાથી વધુ નહીં. મેરેથોન જેવી દોડ ક્યારેક કે જીંદગીમાં એક જ વાર ભાગ લેવો જોઈએ નહી કે અવાર નવાર. બીજા બે મેડીકલ અભ્યાસમાં પણ આ દલીલ થઈ કે કસરત, જીંદગીની બીજી ચીજોની જેમ જ બહુ જ જોરદાર નહી એવી હોવી જોઈએ તો જ ઉત્તમ. જેઓ અઠવાડિયામાં ૮ થી ૩૨ કિ.મી. દોડ્યા તેમને વધુ ફાયદો થયો જ્યારે જેઓ આનાથી વધુ દોડ્યા તેઓને બિલકુલ ન દોડનાર કરતાં જરાય વધુ ફાયદો ન થયો. ઉપરના બધા અભ્યાસો કહે છે કે કસરત – દોડવું બહુ જોરદાર ન કરતાં રોજ પ્રમાણસર કરવાથી વધુ ફાયદા થાય, વધુ નિરોગી રહેવાય, આયુષ્યમાં વધારો થાય છે.

આપણે એરોબીક કસરત કરીએ ત્યારે જો આપણને થોડા શબ્દો બોલવામાં તકલીફ પડે તો તે કસરત યોગ્ય રીત નથી થતી એટલે કે વધુ પડતી જોરદાર કસરત થઈ રહી છે અને જો કસરત કરતાં આપણે આરામથી વાત કરી શકીએ તો કસરત ઓછી થાય છે. યાદ રહે આ તો માત્ર કસરત બરાબર થાય છે કે નહીં એ ચકાસવા જ બોલવાનું છે, બાકી કસરત કરતી વખતે બોલવાનું નથી, વાતો કરવાની નથી. અતિ વધુ જોરદાર (વીગરસ) કસરત નુકસાનકારક થાય છે અને અતિ ઓછી કસરત કરવાથી ચરબી નહીં ઘટે, જોઈએ એવા ફાયદા નહીં થાય. કસરતની વચ્ચે જો આપણે થોડા શબ્દો બોલી શકીએ પણ વચ્ચે શ્વાસ લેવા આપણે રોકાવું પડે તો એરોબીક કસરત બરાબર થઈ રહી છે. કસરત કરતાં એકદમ હાંફી પણ ન જવા જોઈએ અને એકદમ આરામથી વાત પણ કરી શકવા ન જોઈએ તો એ કસરત બરાબર થઈ રહી છે, પૂર્ણ ફાયદો મળશે.

### વરિષ્ઠ સમાજ સેવક શ્રી કુલીનકાંત લુઠિયાનું બેસ્ટ હેલ્થકેર અને અવેરનેશ માટે સન્માન : અભિનંદન



માનવજ્યોત ટ્રસ્ટી શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયાનું દિલ્હી ખાતેની ઈન્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટેન્ટસ ઓફ ઈંડીયા WIRC બ્રાન્ચ, મુંબઈ એ બેસ્ટ હેલ્થ કેઅર એન્ડ અવેરનેઈ માટે ટ્રોફી દ્વારા સન્માન કર્યું હતું. હાલમાં જ તેમનું માનવ ગૌરવ એવોર્ડ રૂપે શાલ-ટ્રોફીથી સન્માન થયું હતું.


જ્યોતિ — સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી – ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574



**સરગમ વોટર પાર્ક – પ્યોર વેજ જૈન ફૂડ**

**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી – આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

## મુંબઈના જૈન ધાર્મિક શિક્ષણ ક્ષેત્રના ભીષ્મ પિતામહ તરીકે ઓળખતા પંડિતવર્ય શ્રી ચીમનભાઈ પાલિતાણાકરનું જૈન સમાજમાં સદ્‌ભુત યોગદાન

જૈન ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે અનન્ય યોગદાન આપનાર પંડિતવર્ય ચીમનભાઈ પાલિતાણાકર તા. ૨૫/૧૨/૨૦૧૪માં ૮૫ વર્ષની ઉંમરે નવકાર મંત્રનો જાપ કરતાં અરિહંતશરહ પામ્યા હતા.



છેલ્લા ૬૮ વર્ષથી ધાર્મિક શિક્ષક તરીકેની જવાબદારી બજાવનાર પંડિતવર્ય ચીમનભાઈ પાલિતાણાકરે જૈન સમાજમાં અદ્‌ભુત યોગદાન આપ્યું હતું. ચીમનભાઈનો જન્મ સૌરાષ્ટ્રના પાલિતાણામાં થયો હતો. તેમના પિતા હીરાલાલ જેઠાલાલ શાહ અને માતા વિજયાબહેનનો ઉદાત્ત ધર્મસંસ્કારનો વારસો તેમણે દીપાવ્યો હતો. બાળવયે જ તેમણે પિતાનું છત્ર ગુમાવતાં તેમના માતાએ ભારે સંઘર્ષ વેઠીને તેમને અને અન્ય સંતાનોને ઉછેર્યાં. ચીમનભાઈ મહેસાણાની શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં જોડાઈને ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે પારંગત બન્યા હતા. તેમણે સૌપ્રથમ મહારાષ્ટ્રના કરાડ શહેરમાં ૧૬ વર્ષની યુવાન વયે ધાર્મિક શિક્ષક તરીકેની પોતાની જીવનની કારકિર્દી કરી હતી. એ પછી તેઓ મુંબઈ આવ્યા અને મુંબઈને કર્મભૂમિ બનાવીને જૈન ધાર્મિક શિક્ષણક્ષેત્રે એક ઈતિહાસ સર્જ્યો.

મહેસાણાની યશોવિજયજી જૈન પાઠશાળામાં અભ્યાસ કરનાર ચીમનભાઈ પાલિતાણાકરે મુંબઈના જૈન ધાર્મિક શિક્ષણ ક્ષેત્રના ભીષ્મપિતામહ હતા. જૈન ધર્મના સંસ્કાર બાળકોને બાળપણથી મળે તેવા ઉમદા ઉદ્દેશ સાથે સ્થપાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘનું નેતૃત્વ સ્વ. ચીમનભાઈ પાલિતાણાકરે કુશળતાપૂર્વક સંભાળ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ સમગ્ર મુંબઈમાં ૪૦૦ ઉપરાંત પાઠશાળાઓ કાર્યરત બની છે.

દરેક પાઠશાળાની લેખિત અને મૌખિક ધાર્મિક પરીક્ષાઓનું તેઓ દર વર્ષ સુંદર આયોજન કરતા તેમની ઉંમર વધતી જતી હતી પરંતુ બાળકોમાં જૈન શિક્ષણના સંસ્કાર આપવાનો તેમનો જુસ્સો સતત વધતો જતો હતો. દર રવિવારે મુંબઈની અલગ અલગ પાઠશાળાઓની રૂબરૂ મુલાકાત લઈ ધાર્મિક શિક્ષણનો સતત વિકાસ થાય તેની ચીમનભાઈ પાલિતાણાકર વિશેષ કાળજી રાખતા. તેમની આ જાગૃતતા, ચીવટ અને જીદને કારણે મુંબઈની પાઠશાળાઓ સતત વિકાસ કરતી રહી છે.

ભાયખલાના સુપ્રસિદ્ધ મોતીશા દૈન દેરાસરમાં તેમણે ધાર્મિક અધ્યાપક કરીકે ૬૫ વર્ષ સધી સેવા બજાવી હતી. તેમણે પોતાની દેખરેખ હેઠળ અનેકો ધાર્મિક શિક્ષક તૈયાર કર્યાં. ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે વધારે શિક્ષકો સેવા આપવા આવે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા.


**યાત્રા પ્રારંભ**
**૨૨ જાન્યુઆરી ૨૦૧૬**

**જખૌ ગામ વાસીઓ તથા નિયાણી બહેનો**
# શ્રી જખૌ મહાજન આયોજીત
# રાજસ્થાન-મધ્યપ્રદેશ તિર્થ યાત્રા

**યાત્રા પુર્ણાહુતિ**
**૨૭ જાન્યુઆરી ૨૦૧૬**

**અંદાજીત ખર્ચ : રૂા.૪,૦૦૦ (PP) ફક્ત રૂા.૨,૦૦૦ (PP) (૧૦૦ યાત્રિક માટે) વહેલો તે પહેલાના ધોરણે**

**યાત્રાના તીર્થો : નાગેશ્વર – અવંતી પાર્શ્વનાથ (ઉજૈન) – હાસમપુરા (ઉજૈન) – મોહનખેડા તિર્થ ભોપાવર તિર્થ – માંડવગઢ તિર્થ – વહી તિર્થ – મક્સીજી તિર્થ – હીઁકારગીરી તિર્થ – ઇન્દોર**

**નામ લખાવવાની છેલ્લી તા.૨૦-૯-૨૦૧૫** (IRCTC ના નિયમ પ્રમાણે ૧૨૦ દિવસ આગળ ટીકીટ બુકીંગ થાય છે)

**❋ યાત્રા સહયોગી દાતા પરિવારો ❋**

માતુશ્રી લીલબાઈ શીવજી લોડાયા (પોલીસ પટેલ)–મુલુંડ
માતુશ્રી લીલાવંતીબેન વિશનજી શામજી સોની પરીવાર–મુંબઈ
માતુશ્રી ગંગાબાઈ ખેતશી મુરજી શિયાડ પરિવાર–મુલુંડ
માતુશ્રી નવલબાઈ સોમચંદ ધનજી મુનવર–બેલ્લારી
શ્રી વિજય મેઘજી લાલજી મૈશેરી–બેલ્લારી
શ્રી લક્ષ્મીચંદ ભવાનજી ધનજી મોમાયા પરિવાર–ડોંબિવલી
શ્રી ભુપેન્દ્ર પદમશી દેવશી લોડાયા–પૂના
જખૌ પ્રેમી એક સદગ્રહસ્થ–જખૌ, મુંબઈ
માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા–પૂના

**દાતા આવકાર્ય છે**



સંપર્ક : ભરત જીવાણી, ડોંબિવલી–9833921313 સુરેશ પટેલ, મુલુંડ–7738550333
અજય શિયાડ, ડોંબિવલી–9167220014 હિરાચંદ શિયાડ, મુલુંડ–9320064511

**દાતા પરિવારોની ભુરી ભૂરી અનુમોદના સહ આભાર !**

## પાસ થયા અભિનંદન

વધુ વિગત ને ફોટા આવતા અંકે



શ્રધ્ધા પ્રવિણા રાજેન્દ્ર રાયચંદ લોડાયા
નાની ખાવડી - ડોંબીવલી
B.Com (A & F) માં **86.33%**
2nd in Model College, Dombivli



દક્ષ ઇંદિરા પરેશ રાયચંદ લોડાયા
નાની સિંધોડી - મુંબઈ
H.S.C. માં **50%**



જૈના જયશ્રી ભરત રાયચંદ લોડાયા
કાંજુરમાર્ગ - નાની ખાવડી
S.S.C. માં **60%**



સ્મિત કાજલ તિલક શાહ (લોડાયા)
મોટી સિંધોડી - મુંબઈ
H.S.C. માં **87.64%**



સૃષ્ટિ નયના વિરેન શાહ (પોલડિયા)
ડુમરા - દુબઈ
CBSB, 10th CGPA માં **93.8%**



વસણ પ્રજ્ઞા અતુલ શાહ (છેડા)
તેરા - મુંબઈ
S.S.C. માં **89.40%**


**Since 1984...**

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની
ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**


## ધર્મપ્રકાશ : કર્મ ! બધાને તું નચાવે છે

- આદીશ્વર ભગવાનને ૧ વર્ષથી અધિક માસ શુદ્ધ ગોચરી ન મળી.
- મહાવીર ભગવાનને કેવળજ્ઞાન પછીચ ઉપસર્ગ થયો
- મહાવીર ભગવાનને છદ્મસ્થાવસ્થામાં સાડા બાર વર્ષ સુધી ઉપસર્ગ થયા.
- નળરાજા જુગારમાં રાણી દમયંતીને ખોઈ બેઠા
- ગજસુકુમારને અગ્નિની પાઘડી બંધાઈ
- મલ્લીકુમારીને સ્ત્રી તીર્થંકર થવું પડ્યું.
- મમ્મણશેઠ રત્નનાં બળદની મૂર્ચ્છામાં નરકે ગયા
- રાવણ હજારો દેવ સેવામાં હતા છતાં લક્ષ્મણના હાથે મર્યા.
- રામ, લક્ષ્મણ, સીતાને બાર વર્ષ વનમાં રહેવું પડ્યું
- કૃષ્ણ યાદવોના સ્વામી છતાં જંગલમાં એકલા મર્યા.
- રાજપુત્રી વસુમતીને બજારમાં વેચાવું પડ્યું.
- કલાવતી રાણીના કાંડા કપાણા.
- દ્રૌપદીસતીને પાંચ પાંડવની પત્ની થવું પડ્યું.
- રાજા શ્રેણિકને પુત્ર કોણિક દ્વારા ચાબખા (હંટર)નો માર ખાવો પડ્યો.
- સુદર્શન રાજાને શિયળ કલંકનાં કારણે શૂળી પર ચડવું પડ્યું.

- પ્રેષક : વીતરાગ - એન્ડ સમકિત શાહ, સુરત

## શ્રી ક.દ.ઓ. જૈન જશાપર મહાજન

**જશાપર પર્યુષણ પર્વની આરાધના કરવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોએ ગામમાં પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**જેને પણ આવવાની ઈચ્છા હોય તેને જાણ કરવા વિનંતી. તા. ૧૦/૯/૨૦૧૫થી તા. ૧૯-/૯/૨૦૧૫ સુધી રસોડાની વ્યવસ્થા મહાજન તરફથી કરવામાં આવેલ છે.**

લી. ટ્રસ્ટી ગણ

**મો.: 098196 33254 / 098691 21666**

।। શ્રી મોટી ખાવડી તીર્થ ।।

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।।

।। શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ।।

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

મુ. પોસ્ટઃ મોટી ખાવડી, જીલ્લોઃ જામનગર, ગુજરાત-૩૬૧૧૪૦

સર્વે ગામ વાસીઓ સુખ સાતામા હશોજી, વર્ષ ૨૦૧૫-૨૦૧૬ ના આપણા ગામ ના બે ભવ્ય પ્રસંગો આપ સર્વે અને દાતાશ્રીઓ ના સહયોગ થી હર્ષોઉલ્હાસ સાથે સમ્પન થયા, પ્રસંગ નંબર ૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા ના જીનાલય ની વર્ષગાઠ જ્યેષ્ઠ સુદ દસમ નિમિત્તે ધ્વજા રોપણ, જેનો લાભ માતૃશ્રી. ગોમાબેન હેમરાજ દેવરાજ લોડાયા પરિવારે લીધેલ, અને પ્રસંગ નંબર ૨) શ્રી મૂળનાયક ભગવાન શ્રી ચંદ્રપ્રભ દાદા ના જીનાલય ની વર્ષગાઠ, શ્રાવણ સુદ છઠ નિમિતે ધ્વજા રોપણ જેનો લાભ માતૃશ્રી. લક્ષ્મીબેન જંયતીલાલ હંશરાજ ખોના પરિવારે લીધેલ, આ પ્રસંગે આગલા દિવસે અઢાર અભિષેક અને રાત્રી ભાવના નું આયોજન, શ્રી હિત યોગી પરિવાર દ્વાર સુંદર રીતે ની-શુલ્ક કરવામા આવેલ, આ માટે શ્રી હિત યોગી પરિવાર ના સંચાલક શ્રી મહેન્દ્ર માલશી લોડાયા અને સાથી કાર્યકરો નું શ્રી સંઘ દ્વારા અભિવાદન કરવામાં આવેલ, આ બંને પ્રસંગે સ્વામીવાત્સલ્ય ની વ્યવસ્થા પ્રણાલિકા મુજબ શ્રી સંઘ દ્વારા કરવામાં આવેલ, જેનો અંદાજે ૧૭૫ ગામ વાસીઓએ લાભ લીધેલ.

## અગત્ય ની સૂચનાઓ:

૧. આગામી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા ના જીનાલય ની વર્ષગાઠ, જ્યેષ્ઠ સુદ દસમ નિમિતે ધ્વજા નો ચડાવો આ પર્યુષણ પર્વ દરમ્યાન બીજ ના દિવસે લેવામાં આવશે, અને આદેશ પણ એજ દિવસે આપવામાં આવશે, અને શ્રી મૂળનાયક ભગવાન શ્રી ચંદ્રપ્રભ દાદા ના જીનાલય ની વર્ષગાઠ, શ્રાવણ સુદ છઠ નિમિતે ધ્વજા નો ચડાવો, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદા ના જીનાલય ની વર્ષગાઠ જ્યેષ્ઠ સુદ દસમ ના દિવસે લેવામાં આવશે, અને આદેશ પણ એજ દિવસે આપવામાં આવશે. આ નિર્ણય, જે દાતા શ્રી ધ્વજા નો લાભ લે એ પોતાના સંપૂર્ણ પરિવાર સાથે આવી શકે તે ધ્યાન માં રાખી ટ્રસ્ટીઓ દ્વારા લેવામા આવેલ છે. શ્રી ધ્વજા ના દિવસ નો સંપૂર્ણ ખર્ચ દાતા શ્રી નો રહેશે, ફક્ત પૂજાપો અને સ્વામીવાત્સલ્ય શ્રી સંઘ દ્વારા પ્રણાલિકા મુજબ કરવામાં આવશે, પરંતુ જો કોઈ દાતા શ્રી ની ઈચ્છા હોય તો તે સ્વામીવાત્સલ્ય નો લાભ લઈ શકે છે.

૨. સવંત ૨૦૭૧-૭૨ ભાદરવા થી ભાદરવા સુધી શ્રી અષ્ટપ્રકારી પુજા ના માસિક નકરા આ મુજબ છે. ૧) કેસર સુખડ પુજા રૂ. ૩૧૦૦/-, ૨) દિપક પૂજા રૂ. ૨૧૦૦/-, ૩) ધૂપ પૂજા રૂ. ૧૧૦૦/- , ૪) પક્ષાલ પુજા રૂ. ૧૫૦૦/- અને ૫) અંગ/પાટ લુછના રૂ. ૫૦૦/- રાખવા મા આવેલ છે. જેનો સર્વે લાભ લેસોજી. લાભ લેવા ઈચ્છુક શ્રેષ્ઠીજનો એ પોતાના નામ છઠ પરણા ના દિવસ સુધી વેહલા તે પેહલા ના ધોરણે આપી દેવા અન્યથા બાકી હશે તોજ લાભ મળશે.

૩. આ પર્યુષણ પર્વ દરમ્યાન છઠ પરણા ના દિવસે સવારે, શ્રી સંઘ દ્વારા નવ્કારસી, અને બપોરે સ્વામીવાત્સલ્ય નું પ્રણાલિકા મુજબ આયોજન કરવામાં આવેલ છે. તો આપશ્રીઓ ઉદાર દિલે આપનો ફાળો લખાવસોજી.

૪. શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા આપણા ગામ ના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ ને આ વર્ષ ની શાળા ફી ચુકવવામાં આવેલ છે. અને તેઓ આપણી પાસે થી રૂ. ૧,૬૦,૦૦૦/- ની અપિલ કરલ છે. તો ફાળા રૂપે સંપૂર્ણ સહયોગ આપવા વિનંતી, વિદ્યા દાન એ મહા દાન છે.

લિ.

**જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી**

પ્રમુખ અને ટ્રસ્ટીગણ

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન** — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પાલીતાણા મધ્યે ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન

શ્રી અચલગચ્છ સંપ્રદાયના પ.પૂ.તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીસ્વરજીમ.સા.આદી ઠાણા ૬ નું ચાર્તુમાસ કચ્છી ભવન ધર્મશાળા મધ્યે ધાર્મિક અનુષ્ઠાનોની સંગાથે ચાલી રહ્યું છે.

હમણાં એમની નિશ્રામાં શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથનું ચારગતિ નિવારક ભક્તિ અનુષ્ઠાન અત્રે યોજવામાં આવેલ. અનુષ્ઠાનની વિધિ શ્રી કિશોરભાઈ સાંયાએ ભાવપુર્વક કરાવેલ. સૌ.ભાવિકોના હ્રદય અનુષ્ઠાનથી પહેલાં શંખેશ્વર કેમ વસ્યું તથા પાર્શ્વનાથ ભગવાન ત્યાં બિરાજમાન કેમ થયા તેમજ ત્યારપછી આવેલ એ તીર્થનું કેટલાં કષ્ટો વેઠીને આજે એ શંખેશ્વર તીર્થ ઊભું છે તેની માહિતી આપી ભૂમિકા બાંદાવામાં આવી. શંખેશ્વરા પાર્શ્વનાથ ભગવાનનો જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવવામાં આવ્યો જે સૌ ભાવિકો એ ઘંટનાદ સાથે નાચગાનથી હર્ષઉલ્લાસથી ઉજવ્યો.

અનુષ્ઠાનમાં આવતી ચારે ગતિઓ તિર્યચગતિ, નરકગતિ દેવગતિ અને મનુષ્યગતિમાં તરબાળ થઈ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથના અનુષ્ઠાન દરમ્યાન કરેલ પાપોની ક્ષમા માંગી મોક્ષે જવાનો રસ્તો સરળ બનાવેલ. અનુષ્ઠાન દરમ્યાન રત્નાકર પચ્ચીસની ગાથાઓ સામેલ કરી ભાવવિભોર બની હ્રદયમાંથી સકળ સંઘે સૂરો ફેલાવી અનુષ્ઠાનને ગાજતું કરેલ. પૂ.મુનિ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ ચારેય ગતિઓ વખતે દરેક ગતિનું વિવરણ કરી એ વિશે સમજણ આપેલ અને રત્નાકર પચ્ચીસ ગાથાઓમાં આવતા પાપોનું નિરાકરણ તેમજ મનુષ્યગતિ વિશે વિસ્તૃત સમજણ આપેલ.

સંગીતકાર શ્રી ભરતભાઈ બારોટે પણ સુંદર કંઠ ધ્વારા સ્તવનો ગાઈ અનુષ્ઠાનમાં અનેરો રંગ


।। શ્રી આદેશ્વરાય નમઃ ।।

## શ્રી વારાપધર જૈન યુવક મંડળ

કાર્યાલય : C/o.બબલ ગમ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન.એસ. રોડ, મુલુન્ડ (પ.), મુંબઇ-૮૦

દ્વારા આયોજીત

### એક દિવસીય ચૈત્ય પરિપાટી

**લોઢાધામ, મહાવીર ધામ, નાકોડા ભૈરવનાથ, તલાસરી, નંદીધામ આદિ સ્થળોએ ચૈત્ય દર્શન**

**રવિવાર, તા. ૦૪.૧૦.૨૦૧૫ સવારે ૫.૩૦ કલાકે ડોંબિવલી, મુલુંડ, ભાંડુપ થી પ્રસ્થાન**

* ચાર્જ પ્રતિ વ્યક્તિ રૂા.૫૦૦/- (નોન રીફંડેબલ/નોન ટ્રાન્સફરેબલ)
* ૩ વર્ષની ઉપરના બાળકોનો સંપૂર્ણ ચાર્જ રહેશે.
* સૌ ગામ વાસીઓ તેમજ નિયાણી બહેનોને ભાવભર્યું આમંત્રણ છે
* ચૈત્યપરિપાટી માટે દાતાશ્રી આવકાર્ય
* નામ નોંધાવવાની અંતિમ તારીખ ૨૫.૦૯.૨૦૧૫

| | |
|---|---|
| ૧ બસના મુખ્યદાતા | રૂા. ૧૧,૦૦૦/- |
| સંપૂર્ણ દિવસ | રૂા. ૭,૦૦૦/- |
| નવકારશી | રૂા. ૧૫૦૦/- |
| મધ્યાહન ભોજન | રૂા. ૨૫૦૦/- |
| બપોરની ચા | રૂા. ૧૧૦૦/- |
| ચૌવિહાર | રૂા. ૨૧૦૦/- |

અનુમોદના... અનુમોદના... અનુમોદના...

ચૈત્યપરિપાટી : ૧ બસના મુખ્યદાતા
**માતુશ્રી પદમાબેન અશોક ભેદા-મુલુંડ**
પરિવારે લાભ લીધેલ છે.

વિ.સં. ૨૦૭૧ પર્યુષણ પર્વ દરમ્યાન
**શ્રી શીતલકુમાર લક્ષ્મીચંદ છેડા-મુલુંડ પરિવારે**
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજનનો લાભ લીધેલ છે.

મંડળ અંતર્ગત શૈક્ષણિક તથા વૈદ્યકિય સહાય યોજનામાં કાયમીદાતા તરીકે જોડાવા બદલ
**માતુશ્રી કસ્તુરીબાઇ રાયચંદ ભાણજી લાલકા-બોરીવલી**

■ ઉપરોક્ત સર્વ પરિવારોની ભુરી ભુરી અનુમોદના સહ આભાર ■

શ્રી વારાપધર ક.દ.ઓ. જૈન મહાજન | શ્રી વારાપધર જૈન યુવક મંડળ

સંપર્ક: નિલેશ મૈશેરી - ૯૮૧૯૮૧૨૭૮૫ | નિતેશ લોડાયા - ૯૩૨૩૯૯૩૨૮૨

લાવેલ. આચાર્યભગવંતે માંગલિક સંભળાવેલ અને આ અનુષ્ઠાન નવી જાતનો હોઈ તેની પ્રસંશા કરેલ.

વિવિધકાર કિશોરભાઈ સાંયાને વાક્ષેપ આપી હૃદયપૂર્વક જણાવેલ કે આવા અનુષ્ઠાનો.ધાર્મિક વિધિઓ કરતાં રહો અને કરાવતાં રહો. સર્વમંગલ બાદ અનુષ્ઠાન પૂર્ણ થયેલ. પૂ.શ્રી વીરભદ્રસાગરજી મ.સા.તેમજ મુનિશ્રી રાજરત્નસાગરજીમ.સા.તેમજ સુસાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.સુસાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા., સુસાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.વગેરે સાધુ-સાધ્વીઓએ આવું અતિ સુંદર અનુષ્ઠાન કરાવવા બદલ કિશોરભાઈને અભિનંદન આપેલ.

**શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ**

શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘમાં પૂ.સા. શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.અને પ.પૂ.સા શ્રી જિન પ્રિયાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ચાર્તુમાસિક આરાધના થઈ રહી છે.

સૂત્રધિકારે શ્રાધ વિધિ પ્રકરણ અને ચારિત્રધિકારે વિર પ્રભુના પરમ ભક્ત મહારાજાની શ્રેણીક અને બુધ્ધિનિદાન અભયકુમાર ચરિત્ર ઉપર પૂજ્યશ્રી સરળ શૈલીમાં માર્મિક વ્યાખ્યાન આપી રહ્યા છે. પહેલું વ્યાખ્યાન સવારના ૭.૩૦ થી ૮.૩૦ અને બીજું વ્યાખ્યાન સવારના ૧૦ થી ૧૧ બીજા વ્યાખ્યાનમાં મહાન પ્રભાવક શ્રી ભક્તામર સ્ત્રોતની મંત્રગર્ભિત વાતો અને તેના પ્રભાવ ઉપર ઝીણવટ ભરી સમજણ આપી રહ્યા છે.બાદ સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખવામાં આવી છે.

તા.૧૫ ઑગસ્ટના વિદુષી પ.પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ની માસિક પુણ્યતીથીના પૌષધીતપની આરાધના કરાવવામાં આવી. આ તપમાં ૫ વર્ષની બાળકીથી લઈને ૫૫ વર્ષના વડીલોએ ભાગ લીધો.તપસ્વીઓએ એકાસણાં કર્યા અને તેમને શ્રી સંઘ તરફથી રૂ.૧૦૦૦/-ની પ્રભાવના કરવામાં આવી.

રવિવાર તા.૧૬.૦૮ના સવારના શ્રી સંઘમાં અષ્ટપ્રકારી પૂજા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનમાં ૫૦ પ્રભુજી પધરાવી ૫૦ કુટુંબોએ ભાવથી અષ્ટપ્રકારી પૂજા કરી.

રવિવાર તા ૨૩.૦૮ના પાર્શ્વકુમારને જમાડવા વામા માતાના થાળનું આયોજન કરવામાં આવ્યું. થાળમાં અવનવી વાનગીઓ બનાવી પાર્શ્વકુમારને જમાડયા.

**ભાડુંપમાં ચાતુર્માસ આરાધના**

ભાડુંપમાં નિત્ય વ્યાખ્યાનમાં સૂત્ર તથા વીરભાણ ઉદયભાણ ચરિત્રના વાંચને સા.શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.સત્વ તત્વની વાતો સહજતાએ સમજાવે છે.ધર્મરત્ન સૂત્ર શ્રી પ્રેમીલાબેન લક્ષ્મીચંદ છેડા, વીરભાણ ચરિત્ર શ્રી કુ.ઉર્વશી નિતીન નાગડા, મતિજ્ઞાન પૂજન:શ્રી વિજયાબેન કુંવરજી લોડાયા, શ્રુતજ્ઞાન : આણંદ પરિવાર હ.દેવાંગ ચિંતન, અવધિજ્ઞાન : શ્રી પુષ્પાબેન દામજી લોડાયા, મન પર્યવજ્ઞાન : શ્રી દેવકાંબેન હંસરાજ મોતા, કેવળજ્ઞાન પૂજન : શ્રી વનીતાબેન ખેતશી નાગડા

૯૯ ની ભાવયાત્રાએ સંઘમતી થવાનો લાભ : માતુશ્રી મધુરીબેન મણીલાલ ખોના સુથરી, કું.ઉર્વશી નિતીન નાગડા, શાંતિનાથ દાદા પ્રતિષ્ઠા : માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા, રાયણ પગલા સ્થાપના : આણંદ પરિવાર હ.મા.નવલબેન બાબુભાઈ દંડ. પુડરીક સ્વામી પ્રતિષ્ઠા કરવાનો મા.સોનબાઈ લખમશી ખોના ઉપરોક્ત સૌલ્હાવા ચડતે પરિણામે લેવાયા.

ભાડુંપ શત્રુંજ્ય તીર્થની ૯૯ ની ભાવયાત્રાએ ૧૦૮ પ્રદક્ષિણા : પંદરમી ઑગસ્ટના ચાતુર્માસ ગુરૂદેવો સાથે ૯૯ના ભાવયાત્રિકો સાથે શ્રી સંઘના મોટી સંખ્યામાં શ્રાવકો જોડાયા હતા. સિદ્દાચલ ગીરી નમો નમઃ ના નારા સાથે જિનાલય તથા રંગમંડપમાં ૨૭-૨૭ના પ્રદક્ષિણાના ચાર રાઉન્ડ ત્રણ કલાકમાં પૂરા થયા.

પ્રાદક્ષિણાએ વિપુલ લોડાયા અને મંજુલાબેનલાપસીયાએ અનેક લોકપ્રિય ગીતોથી પ્રદક્ષિણા જાનદાર રચી. પૂર્ણાહૂતીએ ચૈત્યવંદન બાદ રૂ.૧૦ની પ્રભાવના થઈ.

ધર્મ રક્ષક સંઘની સમુહ સામાયીકની હાકલની પાંચમી હાકલના દેશાવગાસિક સામાયિકમાં ૧૦૦


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

જીવનને સાર્થક બનાવનાર પર્યુષણ પર્વમાં સમજદારીથી સઘન ધર્મ આરાધના કરીએ. ગુરૂભગવંતોના પ્રવચનોને હૃદયમાં ઉતારીએ અને તપ દ્વારા કર્મ નિર્જરા કરીએ.

તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

શ્રાવકો જોડાયા હતા. અઢી કલાકમાં પૂ.સા.શ્રી જિનેન્દ્રગુણા અને સા.શ્રી.યથાર્થગુણાશ્રીજીએ સામાયિકથી થતા સમતા ભાવ, મહત્ત્વ, ફાયદા વગેરેની સમજ આપી. પ્રણવભાઈએ તત્વ દર્શન ઉપર અનેક સવાલે શંકાઓનું સમાધાનકર્યું.લહેરચંદ મૈશેરીએ સૌને આવકાર્યા. કિર્તી હરિયાએ અને સંઘના મંક્ષીશ્રીએ લહેરચંદભાઈ, મનોજ લોડાયા તથા પ્રણવભાઈનું ગૌરવ કર્યું. શ્રી ફાઈવ સ્ટાર્સ કેટરીંગ તરફથી ચૌવિહારની વ્યવસ્થા હતી.

અષાઢી બીજના ભલારાદાદાના ભૂવાશ્રી દિનેશભાઈ તરફથી ભલારાદાદાની ભાવના અનંત મિત્ર મંડળે ભાવી. ફાલ્ગુન ખોનાએ નવા વરસની શુભેચ્છા પાઠવી.

ભાડુંપમાં છ ગાઉની યાત્રા :૧૬ ઑગસ્ટના સવારના ૯૯ યાત્રાના સંઘમાતા માતુશ્રી મધુરીબેન મણીલાલ મોમાયા હ.મુકુંદભાઈ આદિને સાફે સજાવી ઢોલ વગાડી પૂ.સા.શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા.એ શત્રુંજ્ય તીરથની જય તળેટીએથી ૨૫૦ યાત્રીકોને ભાવા યાત્રાના પગરણ કરાવતાં ભાવની ભીનાશે ભીંજવી દીધા. શત્રુંજ્યની સમર્થ વાર્તાઓએ પૌરાણીક વાતોને વાગોળી એકતાન સંઘને તળેટી શાંતીનાથ રાયણપગલા, પુંડરીક સ્વામી અને દાદા દરબારે ચૈત્યવંદન લરાવી ઉપર હોલમાં ભાડવા ડુંગરનો પરિચય ગૌરવથી વાકેફ કરી ફરી નીચે સિધ્ધવડ પાસે છ ગાઉની યાત્રા સંપન્ન કરતાં સંઘપતિ પરિવારે સૌ યાત્રિકોને જાતરા સુજાતરાના તિલક કરી પ્રભાવના કરી. ૨૫૦ યાત્રિકોને સ્વામીભક્તિએ સંતુષ્ટ કર્યા.મુંબઈ મહાજન પ્રમુખ શ્રી કલ્પેશ મોતાએ લાભાર્થી પરિવારને સંઘ તિલકે વધાવ્યા. શ્રી હિરેન લાપસીયટ્ટએ અનંતનાથ દાદાની ૧૮૨મી ધ્વજા પ્રસંગે આમંત્ર્યા. શ્રી વીરચંદભાઈએ શુભેચ્છાઓ આપી. પાલમાં શ્રીમતી લક્ષ્મીબાઈ ટોકરશી લોડાયાએ ભાથું આપ્યું અને માતુશ્રી જવેરબેન પદમશી લોડાયાએ ફળફ્રુટથી સ્વાગત કર્યું. છ ગાઉ યાત્રામાં રંગમંડપો, ગંભારટૂંકા પડયા.

શ્રી સંઘ તરફથી ૩૩ દિવસ સુધી અલગ અલગ પરિવારો તરફથી ૯૦ તપસ્વીઓની એકાસણા કરાવવામાં આવે છે.મહિલા તથા બાળકોની શિબિરમાં ગુરૂદેવો અથાક મહેનતે ભાવકોને જિનાજ્ઞાએ ઘડે છે.

## પાલી (રાજ) નગરે નલિયા રત્ન પૂ.મુનિશ્રી હ્રીંકાસાગરજી ની ૮૭મી ઓળીનો પ્રારંભ

પૂ.મુનિરાજ શ્રી કમલપ્રભાસાગરજી મ.સા.ના શિષ્યરત્ન જ્ઞાતિના ગૌરવરૂપ પૂ.મુનિશ્રી હ્રીંકારસાગરજી મ.સા.ના ૮૩વર્ષની મોટી ઉંમરે વર્ધમાન તપની ૮૭મી ઓળૌ શ્રા.સુ.૨ થી પ્રારંભેલ છે. એમની સાથે ૯ માસ ક્ષમણ તપના આરાધક સ્વાધ્યાય સેવા પ્રેમી યુવામુનિ શ્રી સદાનંદસાગરજી મ.સા.એ ૬૦ મી ઓળી પ્રારંભેલ છે.

સતત આરાધનામાં મસ્ત રહેનાર મહારાજ સાહેબ બાકી રહેલ માત્ર ૧૩ ઓળીઓ શાતાપૂર્વક પૂર્ણ કરી તેઓ શ્રી વર્ધમાન તપોનિધિ બની શકે એ અર્થે સર્વેને પ્રાર્થના કરવા અનુરોધ કરવામાં આવે છે.

રાજસ્થાનની યાત્રા દરમ્યાન આપણા દાદાસાહેબશ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની જન્મભૂમિમાં નિર્મિત એમના સ્મૃતિધામ શ્રી ગૌતમ ગુણ વિહાર (પાલી-જોધપુર રોડ,ઘુમટી રેલ્વે, ક્રોસિંગ પાસે N.H.No.62-પાલી) તીર્થમાં ૯૧ ના ભવ્ય શ્રી મરૂધર શંખેશ્વર પાર્શ્વનાથ દાદા, ૫૧ ના શ્રી સીમંધર સ્વામી ૪૫ના શુભગણધર અને ૬૫ ના મા પદ્માવતી આદિ બિરાજમાન છે. તેમનાં દર્શન પૂજા કરવા પણ અનુરોધ કરાયેલ છે.

## સાંયરામાં શાનદાર ચાતુર્માસ પ્રવેશ

સાંયરામાં ચાતુર્માસ પર્વ પધારેલ પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી ઋજુપજ્ઞાશ્રીજી.મ.સા.આદિ ઠાણા ૨ નું શાનદાર સામૈયું કરાયું હતું.

ગુરૂપુજનનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા પરિવારે લીધેલ. મુખ્ય લાભો: માતુશ્રી તેજબાઈ વિશનજી છેડા (સુથરીવાળા), શેઠશ્રી મુલજી ટોકરશી ધુલ્લા(સુથરીવાળા), નવીનચંદ કુંવરજી લોડાયા(સાંયરાવાળા), કુલીનકાંત ખેતશી જીવાણી(જખૌ વાળા), માતુશ્રી સોનબાઈ મેઘજી ગોસર(બાયઠવાળા), ભવાનજી મેઘજી


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

લોડાયા(નાંદેડવાળા), હેમલ કાંતિલાલ કુંવરજી લોડાયા(કાંજુર માર્ગ), આદિએ લીધા. પ્રવેશ વખતે મુંબઈ અને દેશાવરથી સાંયરાવાસીઓ ૨૦૦ જણ પધાર્યા હતા. કુલ પ્રવેશમાં ૪૫૦ જણ હતાં.

તા.૨૯.૦૭.૧૫ શ્રી ગૌતમભાઈ ખીમજી મોમાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં રતીલાલભાઈ, જેઠાભાઈ, પ્રેમચંદ તથા કસ્તુરીબેનએ સારી રમઝટ બજાવેલ.

તા.૨૦.૦૮.૧૫ના શ્રી ભક્તામત પૂજન દાતારશ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા તરફથી કરવામાં આવેલ. જેમાં પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.તથા પ.પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રી મ.સા.ની નિશ્રામાં વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા સંગીતકાર કમલેશભાઈની પાર્ટી હતી.

બીજો અષાઢ વદ ૮ના શ્રી ધનબાઈ દામજી રાઘવજી લોડાયા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. જેમાં ઉત્તમભાઈ, જેઠાભાઈ,પ્રેમચંદ, કસ્તુરીબાઈ તથા તબલચી મણિલાલભાઈ સાથે રમઝટ બજાવેલ.

બીજો અષાઢ વદ ૯ માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. તા.૧૧.૦૮.૨૦૧૫ના શ્રી આણંદજીભાઈ લધાભાઈ મોમાયાની પ્રથમ પૂણ્યતીથી નિમિત્તે પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. ભક્તામર પૂજનમાં ૨૭૦૦૦ જીવદયા ખાતામાં આવેલ.

### શ્રી ક.દ.ઓ.મહાજન-અમદાવાદ, અષાઢીબીજ ઉત્સવ

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન દ્વારા અષાઢી બીજ (કચ્છી નવું વર્ષ)ના નિમિતે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. સમાજનાં નાન-મોટા ૫૦ જેટલા બાળકો-યુવાનો દ્વારા તૈયાર થયેલ સુંદર અને મનોરંજનથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમે ઉપસ્થિત ૩૫૦ જેટલા જ્ઞાતિજનોને ખુશ કરેલ. સમગ્ર કાર્યક્રમ સમાજના યુવાનોએ પોતાની આગવી સૂઝ-બૂઝ દ્વારા કોઈ પણ કોરિયોગ્રાફરની મદદ વગર તૈયાર કરેલ. સંદર કાર્યક્રમની સાથે સાથે કાર્યક્રમનું એન્કરીંગ પણ વૈવિધ્ય સભર હતું.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ દરેક કલાકારનું બહુમાન કરવામાં આવેલ. જેના સૌજન્ય દાતા શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધમરશી હતા.

ઉચ્ચ કક્ષાએ પાસ થયેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવેલ. જેના સૌજન્ય દાતા માતુશ્રી વિજયાબેન વિરેન્દ્રભાઈ લોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશ ધરમશી અને શ્રી નવીન લાલકાએ કરેલ. ભોજન બાદ કચ્છી મટુકડી, ઢોલરાંધ અને દાંડિયા રાસની મજા માણી.

### શ્રી ક.દ.ઓ મહિલા મંચ, અમદાવાદ

શ્રી કચ્છી દશા ઓશવાલ મહિલા મંચ, અમદાવાદ દ્વારા ઈ.ટીવીની રસોઈની રાણી કોમ્પીટીશનમાં મહારાણીનો ખિતાબ મેળવેલ શ્રીમતી સુરભિબેન વસાના કુકિંગ ડેમોનું આયોજન કરવામાં આવેલ. તેમણે જ ચાર રેસિપી લાઈવ બતાવેલ તથા અન્ય ઘણી બધી ટિપ્સ આપી.

સ્વાતંત્ર્ય મહિનાનાં નિમિત્તે ડ્રેસ કોડ ઝંડાના કલર રાખવામાં આવેલ. કોઈ પણ કેરેકટર બનીને આવવાની થીમ રાખવામાં આવી હતી. યોગિની શાહ-વીર સાવરકર અને ચાર્મી મૈશેરી -રાજગુરૂ બનીને આવ્યા હતા. તેઓ બંને વિજેતા રહ્યા હતા. મીતાબેન લોડાયા તરફથી બંનેને ઈનામ પ્રાપ્ત થયેલ. કવિતાબેન નાગડા તરફથી અલ્પહાર રાખવામાં આવેલ. નીમાબેન મોતા તરફથી ૨૫૧/- એમની પુત્રીના લગ્ન નિમિત્તે મંચને ભેટ મળેલ.

### શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, બેંગ્લોર

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન બેંગ્લોરની મહાજનની ૩૪મી વાર્ષિક સામાન્ય સભા ૧૫ ઑગસ્ટ ૨૦૧૫નો કચ્છી ભવન જે.પી.નગરમાં યોજાઈ. સ્વતંત્રતા દિવસ નિમિતે ધ્વજ વંદન અને રાષ્ટ્રીય ગીત બાદ મીટીંગની શરૂઆત નવકારમંત્રથી થઈ હતી. પ્રમુખશ્રી સતીશ દેવજી શાહે સ્વાગત પ્રવચનમાં કમિટીએ પુરા કરેલ કાર્યની સંક્ષેપમાં માહિતી આપી.

સહ-મંત્રી નીર્મલાબેન શાહે ગયા વર્ષની સામાન્ય સભાની મિનીટ વાંચી જેને સભાએ મંજુરી આપી.

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મૂલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

માનદ-મંત્રી મિતેષ લોડાયાએ ૨૦૧૪-૧૫માં થયેલ કાર્યક્રમોની માહિતી આપી, ખજાનચી શ્રીમતી હેમાબેન છેડાએ હિસાબ-કિતાબનું વાંચન કરેલ જેને સભ્યોએ મંજુરી આપી. પર્યુષણ પર્વ બાબત વિચારણા કરવામાં થતાં પર્યુષણની ઉજવણી માટે પ્રભુજીને પધારવાનો લાભ શ્રી પ્રફુલ જયંતીલાલ ખોનાએ લીધો તથા પોંખવાનો લાભ માતુશ્રી નવલેબન દેવજી મૈશેરી પરિવારે લીધો. પર્યુષણ દરમ્યાન સાધર્મિક ભક્તિનો લાભ શ્રી ધનપતિ નવીનચંદ નાગડા પરિવાર, શ્રી ખુશાલચંદ રતિલાલ સોની પરિવાર અને છઠ્ઠપાયણાના દિવસે સામુહિક પારણાંનો લાભ, શ્રીમતી પુષ્પાબેન પ્રવિણચંદ્ર લોડાયાએ લીધો.મા નું ખુબ જ સરસ મુખવાસ શિખવાડયું.

## કારંજા-મૂર્તજાપૂર મહિલા મંચ

કારંજા-મૂર્તજાપૂર મહિલા મંચની તા.૦૫.૦૭.૧૫ની બેઠક સૌ.હંસા લલીત ગોસરના ઘરે રાખવામાં આવેલ. ૧ મિનીટની બે ગેમ રમાડવામાં આવી. જેમાં પહેલી ગેમમાં પાણીમાં રીંગણા ટુથપીકથી કાઢવાના હતા. જેમાં વિજેતા સૌ.હર્ષા નિશાંત ગોસર પહેલાં અને બીજાં વિજેતા સૌ.રૂપા નંદીષ લોડાયા થયેલ. બીજીમાં ગેમ પેન્સિલ ઉપર સિક્કો સંતુલિત રાખવાનો હતો. જેમાં પહેલા વિજેતા સૌ.પાયલ જીનન લોડાયા અને બીજા વિજેતા સૌ.યોગીતા બિપીન ગોસર થયેલ. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું.

તા.૧૬.૦૮.૧૫ની બેઠક સૌ.હિના જયેશ લોડાયાના ઘરે રાખવામાં આવેલ. બે ગેમ રમાડવામાં આવેલ. જેમાં પહેલી ગેમમાં એક ટબમાંના સર્ફના પાણીમાં નાખેલા કંચા ૧ મિનિટમાં પગથી કાઢવાના હતા. જેમાં પહેલા વિજેતા સૌ. પાયલ જીનન લોડાયા અને બીજા વિજેતા સૌ. રૂપા નંદીષ લોડાયા આવેલ બીજી ગેમમાં એક મિનીટમાં ગરમ મસાલા બનાવમાં વપરાતી વસ્તુઓના નામ લખવાના હતા. જેમાં પહેલા વિજેતા સૌ. કોમલબેન દિલીપ લોડાયા અને બીજા વિજેતા સૌ.હર્ષા નિશાંત ગોસર આવેલ. વિજેતાઓનું પ્રોત્સાહન કરવામાં આવ્યું.

સૌ. હિનાબેને ખજુરનું ખુબ જ સરસ મુખવાસ શિખવાડયું.

## સાંયરા (કચ્છ) મધ્યે લોડાયા કુળના શ્રી સચ્ચાઈ માતાજી તથા સખત માતાજીને નમતા ભાવિકો જોગ

સાંયરા કચ્છ ગામમાં બિરાજમાન શ્રી પુડસા દાદાની ગંધી બદલાવવા તથા શ્રી સચ્ચાઈ માતાજી તથા સખત માતાજીની પહેડીનો કાર્યક્રમ કારતક સુદ પુનમ તા. ૨૫/૧૧/૨૦૧૫ બુધવારના સવારના ચડતે પહોરે સાંયરા ગામમાં રાખવામાં આવેલ છે.

**આ પ્રસંગે પધારવા સર્વે ભાવિકોને નમ્ર વિનંતી.**

ઉપરોક્ત કાર્યક્રમમાં આવવા ઇચ્છુક ભક્તોએ પોત પોતાની રીતે સમયસર પધારવા વિનંતી.

**શ્રી મણિલાલભાઈ લોડાયા** **શ્રી જવેરચંદભાઈ લોડાયા**
**શ્રી શાંતિલાલભાઈ લોડાયા** 93240 11105 **શ્રી દિપક લોડાયા** 98208 21388

## સખી વૃંદ-પૂના

સખી વૃંદ પુનાની મિટીંગમાં તા. ૮ મી ઑગસ્ટના લીલાબેન નાગડાના ઘરે યોજાઈ. વિષય હતો દાંત વિશેની માહિતી. એમની સુપુત્રી દાંતની ડૉ દિપાલી શાહે દાંતને લગતી સર્વે માહિતી વિષે વકતવ્ય રજૂ કર્યુ. એમણે "સ્મિત કાયમ માટે" જેવા સરસ વાક્યથી શરૂઆત કરી.દાંત એ શરીરનો પહેલો દરવાજો છે, જે ખુબ જ મહત્વનો છે, બીજો મોઢામાં જે લાળ પેદા થાય છે એ પાચન ક્રિયામાં મદદ કે છે તથા જીભ અને પેઢા પણ ખૂબ જ ઉપયોગી છે.

તેમણે દાંત, જીભ, પેઢાની કેવી સંભાળ રાખવી તથા શું કાળજી લેવી તેની તથા ખોરાક લઈએ એ દાંત પર ચોંટી જતા જંતુ પેદા થાય એ પ્રોજેક્ટ દ્વારા સુક્ષ્મ આકૃતિઓથી દર્શાવ્યું. ઠંડા પીણા , ગળ્યા ખોરાકની દાંત પર અસર લાંબા સમય સુધી રહે છે. એટલે જ કંઈપણ ખાધા પછી મો સાફ કરવાની



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

આવશ્યકતા અને બ્રશ કેમ કરવું, જીભ તથા પેઢાની માવજત કેમ કરાવી એની ઝીણવટ પુર્વક સમજણ આપી.

દાંત પેઢાની તકલીફથી હાર્ટ, ડાયાબીટીસ જેવા રોગો થવાની સંભાવના વિશે તેમજ બાળકથી માંડી દરેક ઉંમરને આવરી દાંતની સંપૂર્ણ માહિતી આપી અને સભ્યોના પ્રશ્નોનાં ઉત્તરો આપ્યાં, ખાસ નોંધવા જેવી બાબત એ કહી કે અકસ્માતથી નાના બાળકનો દાંત પડી જાય તો એ દાંત મોઢામાં અથવા લીલા નાળીયેરના પાણીમાં નાખી એકાદ કલાકમાં જો દાંતના ડો.પાસે લઈ જઈએ તો એ જ દાંત ફરી બેસાડી શકાય. ડૉ.દિપાલીએ પૂર્ણ મિટીંગનું સુંદર સંચાલન કર્યુ અને સર્વે સભ્યોને દાંતને લગતી ઉપયોગી વસ્તુની કીટ આપી વિવિધ શ્રેણીના ૮ માં મણકામાં ફિલ્મી સંગીતની ક્વીઝ રમાડવામાં આવી.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા જીવદયા પ્રવૃત્તિ

ગ્રુપ દ્વારા કચ્છમાં રખડતા ૧૦ થી વધારે પશુઓને કાર્યકરભાઈઓ પરજાઉ પાંજરપોળ ગૌશાળા ટ્રસ્ટમાં આશ્રમ અપાવ્યો. નરેન્દ્ર સિંહ જાડેજા, રમેશ દંડ, મહમદ હુસેન, ધીરૂભાઈ જાડેજા અને રઘુભા જાડેજા એ સારી જહેમત ઉઠાવેલ. ગ્રુપ દ્વારા જિવદયામાં ૧૧,૦૦૦/- નું દાન આપવામાં આવેલ.

## ભુજમાં મહાકાળી ભાવના

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ ધ્વારા મહાકાળી માતાજીની ભાવના એકમ ભવન ભુજ મધ્યે યોજાઈ હતી. ભાવનામાં અનિલ વી.શાહ, આરતી લોડાયા,ગીતાબેન લોડાયા તથા અમીતા જૈને ભારે રમઝટ જમાવી હતી.

## ભૂલ સુધાર

અંક નં ૩૨માં સમાચાર વિભાગમાં પાંચોરામાં કચ્છી નવા વર્ષની ઉજવણીના અહેવાલમાં આભારવિધિ કમલેશ ખુશાલચંદ પોલડીયાએ કરેલ તેમ વાંચવું.


**આશા ટ્રાવેલ્સ**

કચ્છ, ગુજરાત, રાજસ્થાનમાં ગમે તે સ્થળે જવા આવવા માટે ઈનોવા, ટવેરા, ઈટીઓસ, ટ્રાવેલ્સ બસ, તુફાન ઈત્યાદિ એ.સી./ નોન એ.સી.ગાડીઓ ભાડેથી મળશે. કચ્છ, ગુજરાત,રાજસ્થાનના જૈન તીર્થોના વિશેષ માહિતગાર.

ખુશાલ ખીમજી ખોના(કોઠારા) - 09825225112 નારાણ આહીર - 09825483777
મેહુલ ખુશાલ ખોના - 08511192111 / 09909034565

શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


શ્રી સચ્ચાઈ માતાય નમો નમઃ

**કચ્છ જખૌ ગામના પીર ફરિયામાં સ્થાઈ શ્રી સચ્ચાઈ માતાજી તથા શ્રી પુડસા દાદાને નમતા લોડાયા ગોત્ર ના ભાવિકો જોગ.**

સર્વે ભાવિકો ને જણાવવાનું કે શ્રી માતાજી, શ્રી ખેતરપાર તથા શ્રી પુડસા દાદાના સ્થાનનું જીર્ણોધાર કરવાનું હોવાથી શ્રી માતાજી, શ્રી ખેતરપાર તથા શ્રી પુડસાદાદા ની ઉથાપના વિધી તા. ૨૦.૦૯.૨૦૧૫ને રવિવારે કરવામાં આવશે. જેની નોંધ લેવી.

ત્યાં સુધી બાજુમાં શ્રી જખદાદાના સ્થાનમાં બધાનું સ્થાપન કરવામાં આવશે. જે પણ ભાવિકો એમને નમતા હોય તે સર્વેને પોતાના નામ સરનામુ તથા ફોન કે મોબાઈલ નંબર નીચેના એડ્રેસ કે મોબાઈલ નં. ઉપર જણાવવું તથા ભાવિકો ની યાદી તૈયાર કરવાની છે તો કોઈ પણ કાર્યક્રમ થાય તો જાણ કરી શકાય.

જીણોધાર માં જે પણ ભાવિકો ને યથા શક્તિ ફાળો નોધાવવા તથા સહકાર આપવા વિનંતી.

**એડ્રેસઃનવીનચંદ લક્ષ્મીચંદ લોડાયા**
બી-૧/૧૦૨, શુભ લક્ષ્મી સોસાયટી, નીયર જોગસ પાર્ક, જી.આઈ.ડી.સી, કોલોની, અંકલેશ્વર-૩૯૩ ૦૦૨
મો. 08733044033 / 09429887209 / 09879858848

## માનવ જ્યોત સિકબેડ આદિ માંદગીમાં ઉપયોગી સાધનોની સેવા

માનવજ્યોત ટ્રસ્ટમાં માંદાની માવજતના સર્વે સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. કાખઘોડી (ક્રચીસ), વોકર, ચાવીવાલો પલંગ (હોસ્પિટલ બેડ), સક્શન મશીન વિગેરે ભાડા ડીપોઝીટ પર આપવામાં આવે છે. શ્રી ગણેશ સોસાયટી બિલ્ડીંગ (અશ્વવિલા), ગાળા નં ૧, ડો.આપ.પી.રોડ, (માનવજ્યોતની બિલકુલ પાસેના મકાનમાં ) આ સેવા અપાય છે.

સંપર્ક : અશોક કારીઆ : ૯૮૭૦૩ ૮૦૦૮૧, કુલીનકાંત ચાંપશી લુઠિયા : ૯૮૨૦૦ ૩૩૯૪૬૯ (રવિવાર અને રજાના દિવસે પણ ૧૦ થી ૧ આ સેવા મળે છે.) શ્વાસતંત્રની તલકીફવાળા માટે ઓક્સીજન મશીન પણ રાખેલ છે.

ઉપરાંત મુંબઈના અન્ય પરાંઓમાં આ સુવિધા ક્યાં ઉપલબ્ધ છે તે અંગે પણ ફોન કરનાર જાણકારી અને માર્ગદર્શન અપાય છે.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કમલેશ ખુશાલચંદ શાહ (પોલડીયા)** | કસ્તુરબા નિવાસ, ગાંધી ચોક, બનોટીવાલા જ્વેલર્સની સામે, પાંચોરા - ૪૨૪ ૨૦૧<br>કમલેશ - 095959 57964/095959 58964, હેતલ - 095959 52964/ 095959 53964, કૌશિક - 095959 50064/ 095959 59964 |
| **રમેશ મોતા** | ૪૦૨, શારદા ચેમ્બર નં.૧, ૩૧ કેશવજી નાયક રોડ, ભાત બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૯ મો. 073033 53874 |
| **હીરેન શીવજી લોડાયા** | ૩૦૩, જયેશ આશિષ કો.હા.સો., મહાલક્ષ્મી અપાર્ટમેન્ટની નજીક, નાંદીવલી રોડ, ડોંબિવલી (પૂ) - ૪૨૧ ૨૦૧ મો. 070450 77911 |
| **કમલેશ જવેરચંદ શાહ (લોડાયા)** | ૧૧૦૧, કલશ સંકલ્પ કો.હા.સો., સેક્ટર-૨૦, નેરૂલ (પ), નવી મુંબઈ - ૪૦૦ ૭૦૬ મો. 093201 46036 |
| **યશવંત કે.ખોના** | ૨૦૭, ચંદ્ર દર્શન કો.હૉ.સો., રોડ નં ૧૬, કિશન નગર નં ૩, વાગલે એસ્ટેટ, થાણે (પ) ૪૦૦ ૬૦૪મો. 092217 26972 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮.૦૭.૧૫ | ડોંબિવલી | દેવાંશ-મમતા/કલ્પેશ વિનોદ મોતા | કુવાપધર | પુત્ર |
| ૦૧.૦૮.૧૫ | હુબલી | સ્મિત-અંકીતા/સંતોષ શાંતિલાલ લાલકા | વારાપધર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૦૮.૧૫ | ખામગામ | રોનક અજય જવેરચંદ દંડ | પરજાઉ | ૨૩ |
| | ભોપાલ | તેજલ અનિલ લક્ષ્મીચંદ ખોના | સાંધવ | ૨૪ |
| ૨૮.૦૮.૧૫ | નવી મુંબઈ | વરૂણ અશોકભાઈ પદમશી નાગડા | રંગપુર | ૩૨ |
| | વડાલા | રાજુલ સુરેશ કુંવરજી ધરમશી | સુથરી | ૩૧ |
| ૩૧.૦૮.૧૫ | ચોપડા | મયુર રાજેન્દ્ર નરશી લોડાયા | નલીયા | ૨૪ |
| | કોચીન | સ્વાતી કાંતીલાલ મુલજી ધરમશી (શાહ) | સુથરી | ૨૩ |
| ૦૧.૦૯.૧૫ | ખામગામ | રોનક અજય જવેરચંદ દંડ | પરજાઉ | ૨૪ |
| | ભોપાલ | તેજલ અનીલ કલ્યાણજી ખોના | સાંધવ | ૨૪ |
| ૦૨.૦૯.૧૫ | નોઈડા | હિતેન સુભાષ મણીલાલ મોમાયા | ડુમરા | ૨૯ |
| | સાંગલી | મયુરી રમેશ ત્રીકમજી શિયાળ | દલતુંગી | ૨૬ |
| ૦૩.૦૯.૧૫ | મુલુંડ | રૂષભ સુરેશ દેવજી લોડાયા | વાકું | ૩૩ |
| | કોચીન | નમ્રતા નરેન્દ્ર પાનાચંદ દંડ | સેવક ભરૂડીયા | ૩૪ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૮.૧૫ | કાંદીવલી | હરેશ શરદચંદ્ર રતનશી લોડાયા | મોટીખાવડી | ૨૯ |
| | મલાડ | અર્ચના શીવપૂજન દેવનાથ ગુપ્તા | ગુરીશ | ૨૫ |
| ૨૭.૦૮.૧૫ | સેંધવા | ભાવિન લહેરચંદ ચીમનલાલ મોમાયા | બારોઈ | ૨૩ |
| | ઈંદોર | ભાવિકા મહેન્દ્ર જૈન | મુંગાવલી | ૨૨ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૦૨.૧૫ | થાણા | મનીષ યશવંત કુંવરજી ખોના | મોટી ખાવડી | ૩૯ |
| | ચેમ્બુર | રોહિણી શંકર પાંડુરંગ જાદવ | દેવકાન્હે | ૩૪ |

### લગ્નછૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૦૬.૧૫ | મુલુંડ | જયરાજ દામજી ચાંપશી છેડા | નલિયા | ૩૯ |
| | બોરીવલી | રૂજુતા પ્રતાપ જયચંદ નાગડા | નલિયા | ૩૪ |
| ૨૮.૦૮.૧૫ | પૂના | સાગર સતીષ શીવજી લાલકા | વારાપધર | ૩૫ |
| | કોચીન | નમ્રતા નરેન્દ્ર પાનાચંદ દંડ | સેવક ભરૂડીયા | ૩૪ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦.૦૮.૧૫ | મસ્જીદ | વીણાબેન ચંદુલાલ પુનસી નાગડા | જખૌ | ૮૦ |
| ૦૧.૦૮.૧૫ | સાંગલી | લક્ષ્મીચંદ ઠાકરશી વિકમશી | સુથરી | ૮૪ |
| ૦૩.૦૯.૧૫ | ભાંડુપ | ચંપાબેન જીવરાજ મેશેરી | રાપરગઢવારી | ૭૮ |

### બાકી રહી ગયેલા મરણ નોંધના નામ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬.૦૬.૧૫ | હરસુદ | તિકમચંદ રાયશી દંડ (જૈન) | લાલા | ૬૮ |
| ૨૬.૦૬.૧૫ | નલિયા | પદમશી હીરજી મેઘજી મોમાયા | સાંયરા | ૭૭ |
| ૨૬.૦૬.૧૫ | દાવણગીરી | સુર્યકાંત મુલજી નાગડા(પાચારીયા) | જખૌ | ૬૬ |
| ૨૭.૦૬.૧૫ | હૈદ્રાબાદ | રાણબાઈ વેલજી ધરમશી | સુથરી | ૭૯ |
| ૨૮.૦૬.૧૫ | હુબલી | પૃથ્વીરાજ માણેકજી ઝવેરી (ધરમશી) | જખૌ | ૭૪ |
| ૧૪.૦૭.૧૫ | વડોદરા | નિર્મલાબેન કુંવરજી લાલકા | લાલા | ૭૬ |



## વર્ષોથી સુથરી મહાજન સાથે સંકળાયેલા

### પુણ્યશ્લોકી

# શેઠશ્રી ભવાનજી નરસી ભોજરાજ છેડા

સુથરી - કચ્છ, જુહુ - મુંબઈ

## શ્રદ્ધાસુમન

સમગ્ર જીવન દરમ્યાન કોઈપણ ભેદભાવ વિના અમને અક્ષય-પાથેય પુરું પાડી દિશા અને પંથના દર્શક બની યાત્રાપથના આલાપને શ્રવણીય બનાવનાર **સૌજન્યમૂર્તિ શ્રી ભવાનજીભાઈ** ના દુઃખદ નિધનથી કેવળ છેડા પરિવાર જ નહીં, પરંતુ સમગ્ર સુથરી ગામે એક નિષ્ઠાવાન રાહબર તથા પોતાના **'અધાજી'** ગુમાવ્યા છે.

જેમની જીવન-કિતાબના સરવૈયાનું પ્રત્યેક પાનું કમળપુષ્પની જેમ નિર્લેપ હતું એવા અમૃતમાર્ગના યાત્રિક **શ્રી ભવાનજીભાઈની** પ્રાસાદિક વાણીના મધુપાત્રમાંથી સદૈવ અનુભવામૃત છલકાતો રહેતો અને તેને ઝીલીને અમે સૌ વિચાર સમૃદ્ધ થતા હતા.

પરમતત્ત્વને પામવાની  શોધ ગતિશીલ રાખવાના સંકલ્પ સાથે દિવ્ય અનુસંધાન સાધનાર યાત્રાગામી **શ્રી ભવાનજીભાઈના** આત્માપ્રતિ શ્રદ્ધાસુમન અર્પિત કરી અમે અંતઃકરણપૂર્વક અંજલિ આપી તેમના પુનિત આત્માને અભિષ્ટ ધ્રુવપદ લાધે તે માટે પ્રભુ પ્રાર્થના કરી એ વિરાટ આત્માને નત્‌મસ્તકે વંદન કરીએ છીએ...

### સ્મૃતિઓ વાગોળતા સમસ્ત સુથરીવાસીઓ...

માતુશ્રી ઝમકુબાઈ પદમશી આણંદજી લોડાયા
માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા
માતુશ્રી હીરાબાઈ હંસરાજ નરશી મોમાયા
માતુશ્રી મીઠીબાઈ મણીલાલ ટોકરશી ખોના
માતુશ્રી વિજયાબાઈ વેરશી માંચા મોતા
માતુશ્રી ભચીબાઈ કુંવરજી વેલજી ઘરમશી
શ્રી રામચંદ્ર હંસરાજ ડોસાભાઈ ઘરમશી
શ્રી દેવચંદ શામજી હંસરાજ ઘરમશી
માતુશ્રી ભમલબાઈ પદમશી પુંજાભાઈ પીર
શ્રી પ્રતાપ ગોવિંદજી લખમશી લોડાયા
માતુશ્રી જવેરબેન ઘનજી કલ્યાણજી ઘરમશી
માતુશ્રી રતનબેન નરશી દેવાણાંદ ઘરમશી
શ્રી નવીન ઘનજી જેઠાભાઈ ઘરમશી
શ્રી દિનેશ વાલજી વિસનજી ઘરમશી
માતુશ્રી નવલબાઈ નરશી નેણશી સોની
શ્રી પદમશી લઘુભાઈ નેણશી સોની

શ્રી જયંત ભવાનજી કાનજી સોની
શ્રીમતી ચિત્રાબેન રમેશ લાલજી ઘરમશી
શ્રી રાયચંદ રતનશી કારાણી
પંડીત શ્રી વિશાલ ઘરમશી
શ્રી ઉમરશી ઘેલાભાઈ છેડા પરિવાર
શ્રી ગુલાબ નરશી દેવશી કારાણી
શ્રી લઘાભાઈ ઘેલાણી પરિવાર
શ્રી શામજી ખીંચશી દંડ પરિવાર
માતુશ્રી મીઠીબાઈ ચત્રભુજ નરશી લોડાયા
માતુશ્રી મીઠીબાઈ રાયમલ નાગશી મોમાયા
માતુશ્રી લીલબાઈ આણંદજી કુરપાર ઘરમશી
શ્રી નારાણજી કલ્યાણજી ઘરમશી
શ્રી કલ્યાણજી મણશી ઘરમશી
શ્રી લક્ષ્મીચંદ મણશી ઘરમશી
શ્રી વાલજી લખમશી ઘરમશી
શ્રી પ્રતાપ પદમશી ઘરમશી

ડૉ. હરીશ લાપસીયા
શ્રી રતનશી પાસુભાઈ છેડા
શ્રી પ્રતાપ રતનશી માણેકચંદ મર્ચંટ
શેઠશ્રી આર. કે. ખોના અને પરિવાર
માતુશ્રી પ્રભાવંતી જયચંદ શામજી મોતા
શ્રી વિશનજી ટોકરશી મૈશેરી
શ્રી રમેશ હિરજી લોડાયા
શ્રી નીતીન સાયલા
શ્રી કાર્તિક દંડ
શ્રી મહેશ લોડાયા
શ્રી સોમચંદ મુરજી જેવત ખોના
શ્રી વાલજી લાલજી જેવત ઘરમશી
શ્રી વિનોદ રાયચંદ ઘરમશી (ઉજ્જૈન )
શ્રી મયુર પીર
શ્રી દિનેશ મોતા
શ્રી વીપીન ખોના

BINITA SATISH MARU : 98690 34162

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## પ્રબોધ મુનવર કચ્છ ઉમંગ એવોર્ડ

સમગ્ર કચ્છની અંદર માનવસેવા અને જીવદયાનાં સર્વ શ્રેષ્ઠ કાર્યો કરવા બદલ શ્રી પ્રબોધ મુનવરને કચ્છ ઉમંગ એવોર્ડ અર્પણ કરવામાં આવેલ. શ્રી ક.વિ.ઓ. જૈન સુંકલ મધ્યે એક સમારોહમાં રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડાનાં વરદ્ હસ્તે આ એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.



## ASHWIN RAMACHANDRAN, IIT MUMBAI (Son of the KDO Daughter) Received PRESIDENT OF INDIA's GOLD MEDALIST IN AEROSPACE ENGINEERING





8th August 2015 will be a date that will get etched in the history books, especially for Ramachandran & (Late) Shri Mahesh Devshi Lodaya& Smt. Chandrika ben Mahesh Lodaya family (currently residing in Hong Kong), Varadiya, Kutch when Ashwin won the President of India Gold Medal. Ashwin Ramachandran, born on 5th June 1994, recently graduated from IIT Bombay in Aerospace Engineering with exemplary performance winning the President of India's Gold Medal for academic excellence amongst all the students in the Institute, a first for an Aerospace Engineer in the 53 years of history at IIT Bombay. He received this award from Shri. Kailash Satyarthi, Nobel Peace Prize Laureate. Ashwin also won the Institute's Silver Medal for being the most outstanding student in Aerospace Engineering in addition to the Dilip R Limaye Excellence Award for being the outstanding student for 2014-15.

Ashwin passed out of his 10th grade as a topperfrom Sri Sathya Sai Higher Secondary School, Puttaparthi, where he did his schooling from 3rd grade between2000 and 2009. He then decided to move to Sri Chaitanya College of Science and Technology, Gudavalli, Vijayawada for his Junior College. Once he passed his 12th grade, again as a topper with distinction, his aim was fulfilled when he got admitted at IIT Bombay in 2011, eventually graduating four years later in 2015 withcouple of prestigious medals, citations and cash award. Incidentally, he had received admits in all the top five engineering institutions and chose IITBombay after lots of deliberations at home. In September 2015, he migrates to USA to do his Masters and P.hD at the Stanford University.

Ashwin and his family, visited at Quest, Shri Raichand Hansraj Dharamshi Parivars' Office at Prabhadevi, Mumbai to interact with the Shikshan Prasarak Samiti members. At the interactive session Ashwin shared his experiences of his academic journey till date, in a very calm, composed and confident manner.

## ટીવી-ફિલ્મ ડાયરેક્ટર શ્રીમતી ટીના ધરમશીએ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓને ફિલ્મ લાઈન વિશે માર્ગદર્શન આપ્યું

ઔરંગબાદ જેવા નાના શહેરમાં ઉછરી ટીવી અને ફિલ્મ ડાયરેક્ટર તરીકે નામના મેળવનારા શ્રીમતી ટીના ધરમશીએ તા. ૨૨/૮/૨૦૧૫ના શ્રી ક.દ.ઓ. કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓને ફિલ્મ લાઈનમાં કારકિર્દી બનાવવા વિશે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે કન્યા છાત્રાલયના કમિટી મેમ્બરો ઉપરાંત ટ્રસ્ટી શ્રી હંસ બી. ખીમજી, હીરાચંદ દંડ અને હેમાંગ ધરમશી ઉપસ્થિત હતા. આવકાર વિધિ ટ્રસ્ટી હિરાચંદ દંડે તથા આભાર વિધિ પ્રેસીડંટ શ્રીમતી વિમલ હેમરાજ ગોસરે કરી હતી.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,